ડિસેમ્બર ૨૦૧૭

# દાદાવાણી

કિંમત ₹ ૧૦

હું શુદ્ધાત્મા છું

હું અનંત જ્ઞાનવાળો છું

હું વિશુદ્ધાત્મા છું

હું અનંત દર્શનવાળો છું

હું સૂક્ષ્મ છું

હું અનંત શક્તિવાળો છું

હું અમૂર્ત છું

હું અનંત સુખનું ધામ છું

હું અસંગ છું

હું અગુરુ-લઘુ સ્વભાવવાળો છું

હું અરૂપી છું

હું ટંકોત્કીર્ણવત્ એવો શુદ્ધાત્મા છું

હું અવ્યાબાધ છું

હું પરમાનંદ સ્વરૂપી છું



સિદ્ધસ્તુતિ એ મોટામાં મોટી સામાયિક કહેવાય, સિદ્ધ સામાયિક.
તે તદ્દન શુદ્ધ ઉપયોગ ગણાય, એ શુક્લધ્યાનના ખાતામાં જાય.

તંત્રી : ડિમ્પલ મહેતા
વર્ષ : ૨૩, અંક : ૪
સળંગ અંક : ૨૬૮
ડિસેમ્બર ૨૦૧૭

**સંપર્ક સૂત્ર :**
અડાલજ ત્રિમંદિર, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
ફોન :(૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦

**Printed & Published by**
**Dimple Mehta** on behalf of
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.
**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
કુલ ૨૮ પેજ કવર પેજ સાથે

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૭૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૦૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## સિદ્ધસ્થિતિ પામવા માટે સિદ્ધસ્તુતિ

### સંપાદકીય

પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી)ની કૃપાથી મહાત્માઓને આત્મજ્ઞાન તો પ્રાપ્ત થયું છે. હવે અંશે અંશે આત્માનો અનુભવ વધતો જશે ને જ્યારે બધા અંશો ભેગા થશે, બધા આત્મગુણો વ્યક્ત થશે, ત્યારે પોતે મૂળ સ્વભાવમાં આવી જશે, પૂર્ણ દશામાં. આત્મા તો સિદ્ધ જ છે, પરમાત્મા જ છે પણ મહાત્માઓને કર્મો ખપાવ્યા વગર જ્ઞાન મળ્યું છે, તેથી આત્મા હજી પૂરેપૂરો અનુભવમાં આવ્યો નથી. આત્મા જો પૂરો જાણવામાં આવે, પૂરો અનુભવમાં આવે, તો એ પોતે જ ભગવાન છે.

આત્માના જેટલા ગુણો છે, તેને જાણે, તેના પર વિચાર કરે, મનન કરે, ધ્યાન કરે તો એ ગુણો ઉત્પન્ન થાય. એટલા આત્માના પ્રદેશો ખૂલતા જાય, તેમ તેમ જ્ઞાન પ્રકાશે ને તેમ તેમ આનંદ વધતો જાય. કારણ કે આત્મા અચિંત્ય ચિંતામણી છે, જેવું ચિંતવે તેવું તરત જ થઈ જાય. પણ રત્ન ચિંતામણી વાપરતા આવડવું જોઈએ. અખંડ ચિંતવન આત્માનું જ હોવું જોઈએ.

નિશ્ચય-વ્યવહાર ચરણ વિધિના વચલા ભાગમાં 'હું...છું'વાળા જે જ્ઞાનવાક્યો છે, જેમ કે 'હું અનંત જ્ઞાનવાળો છું, હું અનંત દર્શનવાળો છું, અનંત શક્તિવાળો છું, અનંત સુખનું ધામ છું, અવ્યાબાધ સ્વરૂપ છું, અમૂર્ત છું, સૂક્ષ્મ છું, અગુરુ-લઘુ સ્વભાવવાળો છું, અવિનાશી છું, અવ્યય છું, અચ્યુત છું, અરૂપી છું, ટંકોત્કીર્ણ છું, અમર છું, અક્ષય છું,' તે બોલવાથી શુદ્ધાત્માના મૂળ ગુણોની ભજના થાય છે. એને ભગવાને સિદ્ધસ્તુતિ કહી છે. સિદ્ધસ્તુતિનું ફળ તરત જ મળે તેમ છે. એ મોટામાં મોટી સામાયિક કહેવાય, સિદ્ધ સામાયિક. તે તદ્દન શુદ્ધ ઉપયોગ ગણાય, શુક્લધ્યાનના ખાતામાં જાય.

શુદ્ધાત્મા તો આપણને દાદાશ્રીએ બનાવી દીધા. પણ પછી આપણે અંદર પોતાના આત્મસ્વરૂપમાં જતા નથી, બહાર દેહાધ્યાસમાં જતા રહીએ છીએ. કારણ કે અંદર જવાનો અભ્યાસ જ નથી કરેલો. ખરી રીતે રોજ આખો દિવસ આ ગુણો બોલવા જોઈએ. નવરાશ હોય ત્યારે બોલવા જોઈએ. નવરાશ ના હોય પણ કંઈ અડચણ આવી પડે ત્યારે બોલવા જોઈએ. પહેલેથી ગુણો સ્ટડી કરેલા હોય તો ગમે તે પ્રસંગ આવે, પરિષહ કે ઉપસર્ગ આવે ત્યારે 'પોતાની' સ્થિરતા ડગે નહીં.

પ્રસ્તુત સંકલનમાં દાદાશ્રી સિદ્ધસ્તુતિનું મહત્વ સમજાવે છે કે એનો પ્રયોગ કેવી રીતે કરવો, જેથી પોતાના અનંત ગુણો પ્રગટ થાય. દાદાશ્રી પોતે જે સંપુર્ણ અનુભવ દશામાં પહોંચ્યા એ જ દશા સુધી પહોંચવાના પુરુષાર્થના સ્ટેપિંગમાં સિદ્ધસ્તુતિના ઉપયોગે દરેક મહાત્માઓને સહાયરૂપ બને એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# સિદ્ધસ્થિતિ પામવા માટે સિદ્ધસ્તુતિ

## આત્મા કલ્પસ્વરૂપ

**પ્રશ્નકર્તા** : આત્માનું સ્વરૂપ શું છે ?

**દાદાશ્રી** : આત્મા એ તો કલ્પસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે.

**પ્રશ્નકર્તા** : કલ્પ એટલે શું ?

**દાદાશ્રી** : આત્માની અનંત શક્તિ છે, તેમાં કલ્પ નામની એક શક્તિ છે. કલ્પશક્તિ બહાર જાય છે. કલ્પશક્તિથી અહંકાર ઊભો થાય છે. આ બધું ભ્રાંતિથી જ ઊભું થાય છે.

**પ્રશ્નકર્તા** : કલ્પશક્તિથી અહંકાર ઊભો થાય એટલે શું ?

**દાદાશ્રી** : એટલે પોતે જેવું કલ્પે એવો થઈ જાય અને જેવું ચિંતવન કરે એવો થઈ જાય. એવું પછી ફળ આવે.

તે વિભાવિક 'હું' કલ્પના કરે અને તેમાં આત્માની (મૂળ) કલ્પ નામની શક્તિ લીકેજ થાય છે. કલ્પ પછી વિકલ્પ, અને વિકલ્પથી સંસાર ઊભો થઈ જાય છે. વિકલ્પ ના થાય તો સંસાર ઊભો જ ના થાય.

**પ્રશ્નકર્તા** : એટલે આત્માની કલ્પનાથી, ચિંતવનાથી વિકલ્પ થાય ?

**દાદાશ્રી** : મૂળ આત્મા પોતે ચિંતવે નહીં એવો છે પણ જેવું અહંકાર, વિભાવિક 'હું'નું આરોપણ થઈ ચિંતવાય તેવા વિકલ્પ થઈ જાય. પોતે કલ્પ નથી રહ્યો તેથી વિકલ્પ થયો. એણે કોઈ પણ જાતની કલ્પના કરી એટલે વિકલ્પ થયો.

આત્મા તો મૂળથી જ વીતરાગ છે, તે રાગી કે દ્વેષી નથી. તેના સ્વભાવમાં જ ઈચ્છા નથી. પણ આત્માને બીજા તત્ત્વોનો સંયોગ ટચ થાય છે, એટલે તેનું સ્વાભાવિક સુખ તે ઉપાધિભાવ થઈ જાય છે ને વિકલ્પ થઈ જાય છે, વિભાવિક થઈ જાય છે. ઉપાધિભાવથી કલ્પ સ્વભાવી હોવાથી જેવો ચિંતવે તેવો થઈ જાય છે.

## જેવો ચિંતવે એવો થઈ જાય

આત્માનો સ્વભાવ કેવો છે ? અચિંત્ય ચિંતામણી છે. એટલે જેવું ચિંતવે તેવું તરત જ થઈ જાય !

આત્મા કલ્પસ્વરૂપ છે. એટલે એનું લાઈટ બહાર ગયું એટલે અહંકાર ઊભો થઈ ગયો. પોતે જાતે ચિંતવે નહિ, પણ જેવું અહંકારનું આરોપણ થઈ ચિંતવાય એટલે તેવા ને તેવા વિકલ્પ થઈ જાય !

**પ્રશ્નકર્તા** : એટલે સેકંડે સેકંડે આત્માનું સ્વરૂપ બદલાતું જાય ? આપણે તો સેકંડે સેકંડે ચિંતવન બદલીએ છીએ !

**દાદાશ્રી** : સેકંડે સેકંડે નહીં, સેકંડના નાનામાં નાના ભાગમાં ફર્યા કરે છે, પણ ઉપયોગ એટલો બધો ના હોય કોઈને.

ચિંતવન શેનું કરવાનું છે ? આત્માનું. હું આત્મા છું, આ ન્હોય આવો. આવો આત્મા ન હોય. આવું ના હોય, આવું ના હોય, આવું ન હોય. ચિંતવન કેવું જોઈએ પાછું ? અખંડ ચિંતવન જોઈએ.

કલ્પનામાં ના આવે એવું એ ચિંતામણિ સ્વરૂપ છે પ્રભુનું. ચિંતામણિ એટલે જે માગો એ મળે. જેવું ચિંતવો તેવું ફળ આપે. અચિંત્ય એટલે તમારી કલ્પનામાં નહીં આવે. એનું તોલ તો તમે કદી કરી શકશો નહીં.

**પ્રશ્નકર્તા** : તો પછી એનું ચિંતન કેવી રીતે થાય ?

**દાદાશ્રી** : થઈ શકે નહીં. આ દૃષ્ટિ તો તમારી ભૌતિક સન્મુખ છે ને ? એ તો જ્ઞાની પુરુષ તમારા

પાપ ધોઈ આપે ને તમને દૃષ્ટિ ફેરવી આપે ને અધ્યાત્મ સન્મુખ, આત્મા સન્મુખ કરી આપે ત્યારે દૃષ્ટિ પહોંચે, નહીં તો પહોંચે નહીંને ! ત્યાર પછી અચિંત્ય ચિંતામણિ હાથમાં આવે.

**પ્રશ્નકર્તા :** આત્મતત્ત્વનું ચિંતવન તો મનુષ્યે કરવું જ જોઈએ અને કરતા પણ હોઈએ જ છીએ ને ?

**દાદાશ્રી :** હા, કરવું જોઈએ. પણ જ્યાં સુધી 'જ્ઞાની પુરુષ' એને સચેતન બનાવે નહીં ત્યાં સુધી એ શુદ્ધ ચિંતવન ગણાતું નથી, પણ શબ્દથી ચિંતવન કરે છે. એ એક જાતનો ઉપાય છે. રસ્તામાં જતા વચ્ચેનું સ્ટેશન છે એ.

હવે આત્મા (વ્યવહાર આત્મા)નો એક ગુણ એવો છે કે જેવો ચિંતવ્યો તેવો તે જ ક્ષણે થઈ જાય. સ્વરૂપ સિવાયનું અન્ય ચિંતવન એ પુદ્‌ગલને ખેંચે છે. હવે પુદ્‌ગલનો જે સંયોગ ભેગો થયો, તેનો વ્યવસ્થિત શક્તિ વિયોગ કરાવી આપે, પણ આત્માનો સંયોગ ભેગો થયો, તેનો વિયોગ કોણ કરાવી આપે ?

## આત્માનું ચિંતવન કરે તો આત્મા પામે

આત્માને તો અનંત પાસા છે, જે પાસામાં ફેરવો તેવો દેખાય. ગમે તે પાસામાં ફેરવો તો તેવો દેખાય. શું નથી અનંત પાસા ? જે પાસામાં મૂકો તેવું થઈ જાય.

આ સંસારમાં જન્મથી જ આપણા લોકો 'એને' અજ્ઞાનનું પ્રદાન કરે છે કે 'આ બાબો.' 'બાબા, આ તારા પપ્પાજી, આ તારા મમ્મી' એમ કરીને અજ્ઞાનનું પ્રદાન કરવામાં આવે છે. પછી 'એને' આખી 'રોંગ બિલીફ' બેસી જાય છે. એ 'બિલીફ' કોઈ 'ફ્રેકચર' કરી શકતું નથી. બાકી, એમને એમ કહે કે 'તમે શુદ્ધ છો', એ કેમ કરીને ચાલે ? 'તમારી' સમજણમાં ગેડ બેસવી જોઈએ, તો જ એ 'રોંગ બિલીફ' ફ્રેકચર થાય. નહિ તો 'રોંગ બિલીફ' ફ્રેકચર થાય નહિ ને ત્યાં સુધી 'હું શુદ્ધાત્મા છું' એ કોઈ 'એક્સેપ્ટ' (સ્વીકાર) કરે જ નહિ. અત્યાર સુધી આખી જિંદગી 'હું ચંદુભાઈ* છું, હું ચંદુભાઈ છું' એમ કરી કરીને પરમાણુ-પરમાણુમાં એ બેસી ગયું છે. હવે એ કાઢવાનું, એ 'રોંગ બિલીફ' 'ફ્રેકચર' કરવી, એ 'જ્ઞાની પુરુષ' જ કરી આપે.

'તમારી' 'બીલિફ' પ્રમાણે ગુણો તમને પ્રાપ્ત થશે. 'તમે' 'ચંદુલાલ' રહેશો તો તમને પ્રાકૃત ગુણો પ્રાપ્ત થશે ને 'તમે' 'શુદ્ધ ચૈતન્ય' થશો તો પછી પોતાના 'સ્વભાવિક' ગુણો ઉત્પન્ન થશે ! તમારે જ્યાં બેસવું હોય ત્યાં બેસો.

આત્મામાં દુઃખ નામનો ગુણ નથી, ચિંતા નામનો ગુણ નથી. પણ ઊંધું, વિભાવિક ચિંતવન કરે તે વિભાવિક ગુણ ઉત્પન્ન થાય. 'હું ફસાયો' એવું ચિંતવન થાય કે તે ફસાય. 'ચોરી કરવી જોઈએ' એવું ચિંતવન કરવા માંડ્યું તો ચોર થઇ જ જાય.

## આ બધી સાયકોલોજિકલ ઈફેક્ટ્સ

**પ્રશ્નકર્તા :** આત્મા તો શુદ્ધ જ છે, તો પછી આત્માને આ વસ્તુ કેવી રીતે આવે ?

**દાદાશ્રી :** આત્મા તો શુદ્ધ જ રહે છે પણ આ અહંકાર જે કરે છે, જેવું ચિંતવન કરે છે તેવો થઈ જાય છે. એને વ્યવહાર આત્મા, મિકેનિકલ આત્મા કે પ્રતિષ્ઠિત આત્મા કહેવાય. 'હું નાદાર છું' ચિંતવે તો તેની સાથે નાદાર થઇ જાય. 'હું માંદો છું' ચિંતવે તો તેની સાથે માંદો થઇ જાય.

**પ્રશ્નકર્તા :** આત્મા જેવું ચિંતવે તેવો થઇ જાય, તો આપણે ચિંતવીએ કે મને હજાર રૂપિયા મળી જાય કે બીજી કોઇ વસ્તુ મળી જાય તો તે કેમ 'ઈફેક્ટ'માં નથી આવતું ?

**દાદાશ્રી :** એ 'ઈફેક્ટ'માં 'ઓન ધ મોમેન્ટ' (તરત જ) આવે છે, પણ 'જ્ઞાની'ની ભાષામાં સમજો તો સમજાય. હજાર રૂપિયાનું ચિંતવન કર્યું એટલે તરત જ એ યાચક થઇ ગયો. પૈસા મળવા-કરવાના નહીં પણ પોતે યાચક થઇ જાય. 'પોતે બહુ દુઃખી છે' એવું ચિંતવે કે પોતાનું અનંત સુખ આવરાય ને દુઃખિયો થઇ જાય. 'હું સુખમય છું'

* ચંદુભાઈની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

ચિંતવે કે સુખમય થઈ જાય. સાસુ જોડે કચકચ કરે તો કચકચિયો થઈ જાય. પછી તો ચા પીવા માટેય કચકચ કરે. કારણ કે કચકચનું ચિંતવન કર્યું છે !

આત્મા પોતે અનંત શક્તિવાળો છે. બધી જ જાતની શક્તિઓ મહીંથી નીકળે તેવી છે, જેટલી શક્તિ કાઢતાં આવડે એટલી તમારી. પણ એક વાર એ અનંત શક્તિનું ભાન થઈ જવું જોઈએ. આ તો ઊંધું ચિંતવન કરે છે, તેથી મૂંઝવણ ઊભી થાય છે. એક ફેર શુદ્ધાત્માનું ચિંતવન પ્રાપ્ત થાય તો ત્યાર પછી એ એની મેળે જ રહ્યા કરે, પોતાને કશું જ કરવું ના પડે. તમે જ્યાં જાઓ ત્યાં તમને શુદ્ધાત્માનું ચિંતવન થયા જ કરે છે ને?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** આ જ્ઞાન જ ક્રિયાકારી છે. આવું લાખો વરસથી બન્યું નથી !

**પ્રશ્નકર્તા :** ગાંડો માણસ 'હું ડાહ્યો છું' એમ ચિંતવન કરે તો તે શું ડાહ્યો થઈ જાય?

**દાદાશ્રી :** હા, એવું કરે તો તે ડાહ્યો થતો જાય. આ તો મહીં અસરો થઈ ગયેલી છે, 'સાઈકોલોજિકલ ઈફેક્ટ્સ'(માનસિક અસરો). અમે તો એક પણ અસર જ મહીં ના થવા દઈએ.

**પ્રશ્નકર્તા :** લોક કહેતા હોય કે 'તમે આવા છો, તમે તેવા છો', તો તેનું શું ?

**દાદાશ્રી :** લોક ગમે તે કહેતા હોય, પણ આપણને એવી અસર ના થવી જોઈએ કે 'હું આવો છું' આપણે તો 'હું શુદ્ધાત્મા છું, હું શુદ્ધાત્મા છું.' બસ એટલું જ હોવું જોઈએ.

## ક્રિયા-વિચાર નહીં, આશય એટલે ચિંતવન

આત્માનું કોઈ પણ ચિંતવન નકામું જતું નથી. એટલું સારું છે કે જાડા થરમાં ચિંતવન થાય છે એટલે ચાલી જાય છે. ઊંચી જાતના ચિંતવનમાં એક મિનિટના પાંચ હજારના 'રિવોલ્યુશન' હોય. દરેકનું ચિંતવન જુદું જુદું હોય, એવું અનંત જાતનું ચિંતવન છે. તેથી તો આ જગતમાં જાતજાતનાં લોકો દેખાય છે ને !

**પ્રશ્નકર્તા :** ચિંતવન શેને કહેવાય છે ?

**દાદાશ્રી :** આત્માનો ગુણ શો ? કે જેવું ચિંતવન કરે તેવો થઈ જાય. હવે ચિંતવન શેને કહેવાય છે ? આ તમે બધી ક્રિયા કરો છો, એને ચિંતવન નથી કહેવાતું. તમે વિચાર કરો છો, એને ચિંતવન નથી કહેવાતું. ચિંતવન તો આશયને કહેવાય. તમારો શો આશય છે ? મનમાં એક આશય નક્કી કરેલો હોય કે હવે એક બંગલો, એક વાડી એમ નક્કી કરીને, આવી રીતે છોકરાને ભણાવીશ આવું બધું ચિંતવન કરતો હોય મહીં. કરે કે ના કરે? અને લાંચના રૂપિયા લેવામાં કશો વાંધો નહીં, એ તો અત્યારે બધા જ લે છે, ત્યારે તે એવો થઈ જાય પછી.

ચોરી કરવાનું ચિંતવન કરે તો તેવો થઈ જાય, દાન આપવાનું ચિંતવન કરે તો તેવો થઈ જાય અને સિદ્ધ થવાનું ચિંતવન કરે તો સિદ્ધ થઈ જાય. પણ સિદ્ધ થવાનું શી રીતે થાય એ માર્ગ જાણવો જોઈએ. એ આત્મા જાણ્યા પછી સિદ્ધ થાય. બાકી સંસારમાં આત્મા જાણ્યા વગર ચાલે આગળ, જેવું ચિંતવન કરે તેવો થઈ જાય.

હું જ્ઞાની તો જ્ઞાની. 'અમને કાંઈ અડે નહીં' કહીએ તો જરાય અડે નહીં, જરાય લેપ ના ચડે, પણ 'મને અડ્યું' કહ્યું તો ચોંટ્યું.

મને ઊલટા લોક કહે છે, ''તમે 'હું જ્ઞાની છું' કેમ કહો છો?'' ત્યારે મેં કહ્યું, 'શું કહું, એ કહે તું. તું મને શિખવાડ હવે. તું કહે એ કહું.' ત્યારે કહે, 'એ બોલવાનું જ નહીં.' મેં કહ્યું, 'એવું કેમ ?' 'તમે કોણ છો' એવું પૂછે મને તો મારે શું કહેવું ? મારે એમ કહેવું, 'હું ભગત છું ?' કારણ કે આત્મા તો જેવો કલ્પે એવો થઈ જાય. પાછો 'હું ભગત છું' એવું કહું, તો પાછો ભગતમાં આવી જઉં, જ્ઞાનીપણું છૂટીને.

## વ્યવહાર આત્મા એ 'રત્ન ચિંતામણિ'

**પ્રશ્નકર્તા :** આત્મા વિશે ચિંતવન કરે તો એવો થાય પછી?

**દાદાશ્રી :** આત્માનું ચિંતવન કરે તો આત્મા પામે એ. જેવું ચિંતવે તેવો થઈ જાય, એને 'રત્ન ચિંતામણિ' કહ્યો.

**પ્રશ્નકર્તા :** એટલે વ્યવહાર આત્મા પણ રત્ન ચિંતામણિ જેવો છે, એમ કહેવાય ને ?

**દાદાશ્રી :** આ વ્યવહાર આત્મા છે જ રત્ન ચિંતામણિ, પણ શું ચિંતવે છે ? હું તો આમનો જમાઈ છું. તે મૂઆ આવું રહેવું છે ? રત્ન ચિંતામણિનો લાભ આવો લેવો છે ? જમાઈ થવા માટે છે આ? અને આમનો સસરો થઉં, આમનો સાળો થઉં, કહે છે. આવું ચિંતવવા માટે છે ? રત્ન ચિંતામણિ તો ઠેઠ આત્મા પમાડે છે.

**પ્રશ્નકર્તા :** દાદા, આ તો કેવું ભવ્ય કે વ્યવહાર આત્માને પણ રત્ન ચિંતામણિ કહ્યો, તો શુદ્ધાત્મા કેવો ?

**દાદાશ્રી :** એની તો વાત જ ક્યાં કહેવાય ! આત્મા પોતે જ સમાધિસ્વરૂપ છે, પોતે જ મોક્ષસ્વરૂપ છે, પોતે જ પરમાત્મા છે. બધી રીતે પોતે જ છે, અચિંત્ય ચિંતામણિ છે. એ પોતે જ ભગવાન છે, પણ વ્યવહાર આત્માનું ચિંતવન કેટલું બધું કામ કરે છે લોકોને કે આ ચિંતવે, હું તો આ ઉપાધ્યાય થઈ ગયો, હવે આચાર્ય થવાનો છું, તો પેલો આત્મા કહેશે, 'જાવ, તમે આચાર્ય થઈ જાઓ.' બોલો, કોણ ચિંતવે છે ? વ્યવહાર આત્મા !

## ગુણધર્મો બોલી પામો શક્તિ

આત્માનો સ્વભાવ જેવો ચિંતવે તેવો જ થઈ જાય. એ એનો ગુણ એટલે લોકોએ જેવો જેવો ચિંતવ્યો, તેવો એનો આત્મા થઈ ગયો છે. હવે મૂળ શું છે? મૂળ ધ્યાન તો શું છે ? એ ચિંતવાવું બહુ મુશ્કેલ છે. તેથી આપણે શુદ્ધાત્માનું લક્ષ બેસાડ્યું અને શુદ્ધાત્માના ગુણધર્મોનું આપણે વિવરણ કર્યું. એ જો ગુણધર્મો ને લક્ષ બેઠેલું છે, એ ગુણધર્મોનું જો ચિંતવન કર્યા કરે તો તે રૂપ થયા જ કરે દહાડે દહાડે. પોતાનો સ્વભાવ શું છે ? જેવો ચિંતવે તેવો જ થયા કરે, બસ.

**પ્રશ્નકર્તા :** જે જેનું ચિંતવન કરે તે રૂપ થઈ જાય !

**દાદાશ્રી :** હા, તે રૂપ થઈ જાય ને આ બધું. અનેકરૂપે થવાનું કારણ જ એ છે ને બહુરૂપે થયું છે એનું કારણ જ એ છે. એટલે જેવું ચિંતવે તેવો થઈ જાય આત્મા ને બીજી કોઈ વસ્તુમાં આવો ગુણ નથી હોતો, જેવો ચિંતવે તેવો. 'અચિંત્ય ચિંતામણિ રત્ન' કહેવાય.

**પ્રશ્નકર્તા :** જેનું કરીએ ચિંતવન તેવો જ થઈ જાય,
અનંતાનંત ગુણી સ્વાભાવિક સ્વાધ્યાય,
દાદાને દર્શને જ્ઞાન જે સમજી જાય.
-નવનીત

**દાદાશ્રી :** અનંત ગુણનું ધામ છે આત્મા, તે જેવું ચિંતવન કરો તેવો થઈ જાય. સ્વાભાવિક જ તે રૂપ થઈ જાય. જ્ઞાની પુરુષનું ચિંતવન કરે તો તેવો થઈ જાય.

આ રત્ન ચિંતામણિ તમારા હાથમાં આપ્યો છે. તેનાથી જેવી જોઈએ તેવી શક્તિઓ, પોતાના ગુણધર્મો એક કલાક જ બોલવાથી મળે તેવી છે. તેનો લાભ લેતા આવડવું જોઈએ, રત્ન ચિંતામણિ વાપરતા આવડવું જોઈએ. આ રત્ન ચિંતામણિ એવા છે, વાપરતા ના આવડે ને તો બાળી મેલે અને વાપરતા આવડે તો પરમાત્મા બનાવે.

આત્માનો મુખ્ય ગુણ આજુબાજુનું જેવું સર્કલ દેખ્યું કે તે રૂપ થઈ જાય. જેની ભક્તિ કરે તે રૂપ થઈ જાય.

## ગુણોની ભજનાથી થાય પોતે તે રૂપ

**પ્રશ્નકર્તા :** આત્માના ગુણો બોલવાનું કહ્યું ને, તે વિશે વધારે સમજવું છે.

**દાદાશ્રી :** કોઈ જગ્યાએ મમતા કરવા જેવી નથી આ દુનિયામાં. હું કહું છું, આત્માને જાણો અને આત્મા જ તમારો છે, ને તમારે એના ગુણોની મમતા કરવાની છે. હું અનંત જ્ઞાનવાળો છું, હું અનંત દર્શનવાળો છું, હું અનંત શક્તિવાળો છું, હું અનંત સુખનો કંદ છું, અવ્યાબાધ છું, અમૂર્ત છું, સૂક્ષ્મ છું, અગુરુ-લઘુ છું, ટંકોત્કીર્ણ છું. કેટલા ગુણો છે એને ! એ એની મમત્વ છે.

**પ્રશ્નકર્તા :** આત્માનું મમત્વ ?

**દાદાશ્રી :** હા, મારા ગુણ એટલે મમત્વ ના હોય, પણ આ 'હું આ છું' કહીએ તો આ મમતા ક્યાં જાય ? ત્યાં જતી રહે એની જોડે જ. અને પછી મોક્ષે જતી હોય તો એય ઊડી જાય, ફક્ત તે એક જ સ્વરૂપે ! હું શુદ્ધાત્માયે પછી બોલવું ના પડે.

**પ્રશ્નકર્તા :** પોતે આત્માના ગુણધર્મ, અનંત જ્ઞાન-દર્શન તેવું ધ્યાન કરે તો પ્રાપ્ત થાય ?

**દાદાશ્રી :** થાય, અવશ્ય થાય. આત્માના ગુણો જેટલા જાણ્યા તેટલાનું ધ્યાન કર્યું તો તેટલા પ્રાપ્ત થાય.

અમે જ્ઞાન આપીએ છીએ, તે મન-વચન-કાયા તમને ક્યારેય યાદ ન આવે તેવી રીતે આપીએ છીએ. 'હું શુદ્ધાત્મા છું' તેની જોડે એનો એક-એક ગુણ ગાતા જશો તો ભયંકર (અદ્ભુત) પરિણામ આવશે. જેમ કે હું શુદ્ધાત્મા છું, અવ્યાબાધ છું, અનંત જ્ઞાન-દર્શન-ચારિત્રવાળો છું, અક્રિય છું, અડોલ છું, અમર છું.

## ઘરમાં દાટેલા ધનને જાણો

**પ્રશ્નકર્તા :** 'હું અનંત શક્તિવાળો છું, અનંત દર્શનવાળો છું, અનંત જ્ઞાનવાળો છું, હું અનંત સુખનું ધામ છું' તો એ અંદરથી જે બોલીએ છીએ તો એ શક્તિ ક્યાંથી ઉત્પન્ન થાય છે ? કેવી રીતે વધારી શકાય ?

**દાદાશ્રી :** તમે 'અનંત દુઃખનું ધામ' બોલો તો દુઃખી થઈ જાવ. 'અનંત સુખનું ધામ' બોલો તો સુખી થઈ જાવ. આત્મા રત્નચિંતામણિ છે. જેવો ચિંતવે તેવો થઈ જાય. 'અનંત જ્ઞાનવાળો છું' એટલે બધું જ્ઞાન પ્રકાશમાન થઈ જાય. 'અનંત સુખનું ધામ છું.' પોતે બધા સુખનું ધામ છે એવો તાળો મળે તો એ જ્ઞાન કહેવાય. તાળો ના મળે ? જ્યાંથી-ત્યાંથી તાળો મળવો જોઈએ. હિસાબમાં ગણીએ ત્યારે મહીં તાળો મેળવીએ છીએ કે નથી મેળવતા ? એમાં તો એક-બે તાળા હોય પણ આમાં તો બહુ તાળા હોવા જોઈએ. દરેક વાતમાં તાળો મળવો જોઈએ.

પોતાની પાસે અનંત શક્તિ છે પણ આવરાયેલી પડી છે ને અનંત જ્ઞાન, અનંત દર્શન પોતાની પાસે છે પણ ઉપર આવરણ પડ્યા છે. ઘરમાં ધન દાટ્યું હોય પણ જાણતા ન હોય તો શી રીતે મળે ?

## સ્વરૂપ ભજનામાં અહંકાર નથી

**પ્રશ્નકર્તા :** 'હું શુદ્ધાત્મા છું, હું શુદ્ધાત્મા છું' એવું આપણે બોલીએ છીએ, તો એ પણ એક સૂક્ષ્મ અહંકાર રહ્યો ને ?

**દાદાશ્રી :** ના, ના. અહંકાર ક્યારે કહેવાય કે પોતે છે એ નથી જાણતા. જ્યાં નથી ત્યાં આરોપ કરે ત્યારે અહંકાર કહેવાય. તમે શુદ્ધાત્મા છો, તેમાં 'હું શુદ્ધાત્મા' બોલવામાં અહંકાર છે જ નહીં. પણ 'હું શુદ્ધાત્મા' હોવા છતાં તમે 'હું ચંદુલાલ છું' બોલ્યા, એટલે ત્યાં આગળ તમે આરોપ કર્યો આ ખોટો. પોતાનું સ્વરૂપ જાણતા નથી અને લોકોએ 'ચંદુભાઈ' નામ પાડ્યું ને તમે ચંદુભાઈ માની લીધું. પછી આ બાઈનો ધણી થઉં, આનો મામો થઉં, આનો કાકો થઉં, બધી જાળો વળગી પછી એ અહંકાર. જ્યાં પોતે નથી ત્યાં આરોપ કરવો, એનું નામ અહંકાર. આ તો પોતાના સ્વરૂપમાં બોલીએ તેને અહંકાર નથી કહેવાતો.

## સ્વભાવમાં જવું, એ તું ખોળ

**પ્રશ્નકર્તા :** દાદા, ક્રમિકમાર્ગની અંદર મનની

સ્થિરતા માટે એમ કહ્યું કે જપયજ્ઞ કરો. હવે આપણે 'શુદ્ધાત્મા છીએ, શુદ્ધાત્મા છીએ', એમ રટણ કરીએ એટલે આપણને પણ મનની સ્થિરતા મળે ને એ રીતે ?

**દાદાશ્રી :** ના, આપણે જરૂર જ નથી ને, મનની સ્થિરતાની.

**પ્રશ્નકર્તા :** એ પણ એક જાતનો જપયજ્ઞ જ થયો ને ?

**દાદાશ્રી :** ના, આપણે તો જપયજ્ઞ હોય નહીં ને ! જપયજ્ઞ એટલે શું ? નાના છોકરાની રમત, બાળમંદિરની. એટલે મનની શાંતિ ના રહેતી હોય, તો 'રામ રામ રામ', 'સોહમ્ સોહમ્ સોહમ્' કશુંક બોલે એક શબ્દ, ત્યારે પછી કહે, 'હું 'સોહમ્' જ બોલ બોલ કરું છું.' ત્યારે મેં કહ્યું, ''ના, 'ખીંટી' બોલ બોલ કરજે, તોયે એ ફળ મળશે. 'સોહમ્' બોલીશ તોયે એ ફળ મળશે.''

એ જપયજ્ઞ એટલે શું ? કોઈ શબ્દ બોલ બોલ કર્યા કરવો. એટલે મનમાં જે ફણગા ફૂટે તે સાંભળવામાં આવે નહીં, તે પેલા વિલય થઈ જાય. એને એકાગ્ર કહેવાય. એકાગ્ર રહે એટલે શાંતિ રહે. તે પછી 'રામ'ને બદલે 'ખીંટી, ખીંટી' બોલે તોય ચાલે. આ શબ્દની એકાગ્રતા થઈ. આપણે તો એવું હોય જ નહીં ને ! આપણે મનને મારવાનું નથી, આપણે તો મનને વિશ્લેષણ કરવાનું છે ને જોવાનું છે એ શું માલ ભરી લાવ્યું છે તે. એ જ્ઞેય છે ને આપણે જ્ઞાતા છીએ, ને જ્ઞેય છે તો જ્ઞાતાની કિંમત છે. આપણે જપ-તપ કશું કરવાનું રહ્યું નહીં. છેવટે તો જ્ઞાતા-જ્ઞેયમાં જ રહેવાનું. એમાં જાપ જપાય નહીં.

વસ્તુને સ્વભાવમાં લાવવી એનું નામ મોક્ષ. એને આ લોકો કરવા ગયા છે, જપ કરો ને તપ કરો. અરે મૂઆ, આમ શું કરવા કરો છો તે ? સ્વભાવમાં કેવી રીતે જવાય, એ તું ખોળ ને, મૂઆ ! આ તોફાનમાં ક્યાં પડ્યો છું ?

## ન હોય મહાત્માને મિકેનિકલ

**પ્રશ્નકર્તા :** 'હું શુદ્ધાત્મા છું' બોલ બોલ કરવાથી મિકેનિકલ ના થઈ જાય ?

**દાદાશ્રી :** આપણા મહાત્માઓને મિકેનિકલ ના થાય પણ બહાર બીજાને થઈ જાય. બીજા પોતે મિકેનિકલ છે, તેથી તે મિકેનિકલ જ થાય.

**પ્રશ્નકર્તા :** કોઈ અજ્ઞાનતામાં મિકેનિકલપણે 'હું શુદ્ધાત્મા છું' બોલે તો ?

**દાદાશ્રી :** એમાં કશું વળે નહીં અને જ્ઞાન આપેલો માણસ મિકેનિકલ બોલતો નથી અને મિકેનિકલ જેવું લાગે ખરું પણ મિકેનિકલ બોલતો નથી. અને આ જ્ઞાન ના આપેલું હોય તો 'હું શુદ્ધાત્મા, શુદ્ધાત્મા' આખી રાત ગાય તોય કશું ના વળે.

**પ્રશ્નકર્તા :** એ સીધું બોલે તોય મિકેનિકલ થાય ?

**દાદાશ્રી :** હંઅ. તે આ સીધું બોલે તોય મિકેનિકલ. કારણ કે તું જે છું, હજુ તારી એ માન્યતા તૂટી નથી. અને તું કહું કે 'હું નગીનદાસ છું', પાછો એમેય બોલું છું.

## 'હું શુદ્ધાત્મા' એ પોતે પોતાની ભજના ?

**પ્રશ્નકર્તા :** જ્ઞાન લેતાં પહેલાં આપણે 'હું ચંદુભાઈ છું, હું ચંદુભાઈ છું' એવું બોલતા નહોતા. પણ સમજીએ છીએ એ પ્રતીતિમાં જ હોય છે. હવે જ્ઞાન લીધા પછી શુદ્ધાત્માનું આપે લક્ષ જે આપ્યું, પછી વારંવાર 'હું શુદ્ધાત્મા છું હું શુદ્ધાત્મા છું', એવું જે આપ બોલવાનું કહો છો, એની પાછળનો મર્મ શું છે ? એની પાછળનું રહસ્ય શું છે ?

**દાદાશ્રી :** દેવું થયેલું હોય તો બોલવાની જરૂર. અને 'હું શુદ્ધાત્મા છું' એ આપણે જે જગ્યાએ છીએ તે જગ્યાએ, મૂળ ક્ષેત્રમાં શુદ્ધાત્મા બોલીએ છીએ. એક ફેરો જાણ્યું એ લક્ષમાં રહે, બસ થઈ

ગયું. પણ આપણે તો અહીંથી હજાર માઈલ અવળા ચાલ્યા છીએ અને ત્યાં આપણે જાણ્યું કે 'હું શુદ્ધાત્મા છું', તો પાછું આવવું પડે ને આ. ત્યાં આગળ તમે એમ કહો કે 'હું શુદ્ધાત્મા થઈ ગયો સાહેબ ? ત્યારે મૂઆ, આટલું અવળું ચાલ્યો માટે અવળું પાછો જઈશ ત્યારે મૂળ શુદ્ધાત્મા થાય. એટલે તેનું 'શુદ્ધાત્મા, શુદ્ધાત્મા' બોલવું પડે છે. તેનું આ બધું કરવું પડે. આ તો થોડુંક સાધારણ કહે, 'હું શુદ્ધાત્મા છું, શુદ્ધાત્મા છું' થોડી બે-બે મિનિટ, પાંચ મિનિટ તો ઠીક છે અને અહીં આગળ વિધિ કરતી વખતે બોલે છે તે બરોબર છે. જેમ તમે ચંદુલાલ છો તે અગાશીમાં ચડીને 'હું ચંદુલાલ છું', 'હું ચંદુલાલ છું' એવું ગા ગા કરો ત્યારે લોક કહે, 'તે તો તમે છો, એને પછી શું કામ ગા ગા કરો છો ?' એવું તમે શુદ્ધાત્મા છો જ, છતાં 'હું શુદ્ધાત્મા છું' એટલા માટે બોલવાનું કે અવળો વધારે ચાલેલો એટલે આટલો પાછો ફરે છે. બાકી 'હું શુદ્ધાત્મા છું' એ લક્ષમાં રહ્યા જ કરે છે. આ જે 'હું ચંદુભાઈ છું' તે અવળું ગયું હતું. એટલે 'હું ચંદુભાઈ છું' એવું બોલતા હતા, તે હવે 'હું શુદ્ધાત્મા' બોલો છો. એટલે એમ કરતાં કરતાં પેલું પાછું ફર્યું.

'હું ચંદુભાઈ' બોલતા હતા તો ચંદુભાઈની અસર થતી હતી અને અત્યારે 'હું શુદ્ધાત્મા' બોલે તો શુદ્ધાત્માની અસર થશે. પછી અભેદ થઈ જશે, બે એક થઈ જશે. છૂટું પડ્યું હતું આ પોતે, તે એક થઈ જશે.

ચિત્ત જે અશુદ્ધ થઈ ગયું હતું. હવે એ પાછું ફર્યું, એટલે ચિત્ત શુદ્ધ થઈ જાય એટલે એક જ થઈ જાય. પછી સુખ એવું વર્તે. એટલે કો'કને મહીં કાચું પડતું હોય તો 'હું શુદ્ધાત્મા છું, શુદ્ધાત્મા છું' બોલવું. આપણે છીએ એ બોલવામાં વાંધો શો ?

## રહેવું આત્માના ઉપયોગમાં

**પ્રશ્નકર્તા :** હવે બહાર નથી રહેવું, આત્મામાં જ રહેવું છે, તો એ કેમનું રહેવું ?

**દાદાશ્રી :** પહેલાં ચંદુલાલમાં કેવી રીતે રહેતા હતા ? એની કંઈ ઓરડી-બોરડી હતી ? પહેલાં ચંદુલાલ હતા ને તમે ? ખરેખર ચંદુલાલ હતા ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ચંદુલાલના નામની કોઈ વાત કરે ને એ વાત કાનથી સાંભળવામાં આવી, વચ્ચે ભીંત હોય તોય સાંભળીને પછી મોઢું બગડી જાય. એટલે તમે ચંદુલાલ હતા એ વાત નિર્વિવાદ થઈ ગઈ. હવે તમે આત્મા છો તો ચંદુલાલ બિલકુલ નથી, પછી ચંદુલાલની ગમે એટલી વાતો હોય. મોઢામોઢ વાતો થાય પણ આપણે આત્મા ! ચંદુલાલને ને આપણે શું લેવાદેવા ? એટલે ત્યાં કંઈ રૂમ-બુમ કશું છે નહીં. એવું આત્મામાં રહેવાનો આ ઉપયોગ ગોઠવવો. 'હું ચંદુલાલ છું' એ ઉપયોગ જતો રહ્યો અને 'હું શુદ્ધાત્મા છું' એ ઉપયોગ રહ્યો. હવે આ ઉપયોગમાં પેલો ઉપયોગ પેસી ન જાય એ જાણવાનું, ત્યાં જાગૃતિમાં રહેવું. છે કંઈ વાંધો આવે એવું ? બસ, એટલું જ. જેમ ચંદુલાલ હતા, તે કંઈ આપણે રૂમ રાખવી પડતી ન હતી. એમને એમ જ, મહીં હાથ-પગ બધું, આખું શરીર ચંદુલાલ જ હતું. અને હવે બધું આત્મારૂપે થઈ જવું જોઈએ. 'હું આત્મા છું' તે એ બધું વર્તન થાય કે ના થાય, એ આપણે લેવાદેવા નથી પણ 'હું આત્મા છું' એ ભાન નિરંતર આપણને રહેવું જોઈએ.

'હું શુદ્ધાત્મા છું' એ પહેલું ભાન થાય પછી એના પ્રમાણમાં આવતું જાય ને તે રૂપ થતો જાય.

## ગુણધર્મ સમજવાથી અનુભવાય અરૂપી આત્મા

**પ્રશ્નકર્તા :** આત્મા અરૂપી છે, તો અમને કેવી રીતે દેખાય ?

**દાદાશ્રી :** આ હવા દેખાય નહીં, પણ હવા આવી એવું ખબર પડે ને તમને ? હવા નથી એવુંય ખબર પડે, નહીં ? એટલે એ હવાના ગુણધર્મ જાણે એટલે હવા દેખાય. આત્માના ગુણધર્મ જાણે એટલે

આત્મા દેખાય. એટલે ગુણધર્મ જોવા-જાણવાની જરૂર છે.

હવા અરૂપી છે છતાં બધા જ સમજે છે કે હવા ગરમ આવી, ઠંડી આવી. તેના ઉપરથી સમજાય છે કે હવા છે, તેમ આત્મા અરૂપી છે. તે આપણે તેના જે ગુણ છે તે સમજી અનુભવી શકીએ છીએ, તે જ આત્મા છે. એટલે આત્મા આંખથી, રૂપી વસ્તુથી દેખાય નહીં, અરૂપીથી એ દેખાય. અરૂપી દર્શનથી દેખાય, અરૂપી જ્ઞાનથી જણાય અને અરૂપી ચારિત્રથી ઓળખાય.

આ અત્તરની સુગંધ આવે છે, પણ એ સુગંધ દેખાય છે ખરી ? છતાં આપણને 'અત્તર છે' એ વાતની ખાતરી થાય છે ને ? એવું 'આત્મા છે' એની આપણને ખાતરી થાય ! જેમ સુગંધ પરથી અત્તર ઓળખાય, એવું આત્મા એના સુખ ઉપરથી ઓળખાય. પછી આ બધું જગત 'જેમ છે તેમ' દેખાય. તેના ઉપરથી ખાતરી થઈ જાય કે આત્માના અનંત ગુણો છે.

**પ્રશ્નકર્તા :** આ પવન દેખાતો નથી પણ તેની લહેર આવે છે ને ખબર પડે છે ને અનુભવમાં પણ આવે છે કે પવન આવ્યો, તેવો આત્માનો અનુભવ તીર્થંકરોને વિશેષ થતો હશે કે ?

**દાદાશ્રી :** તીર્થંકરોને તો તેથી પણ વિશેષ, ઘણો જ વિશેષ આત્માનો અનુભવ થાય. આ અમને પણ પવન જેવો અનુભવ તો થાય જ છે ને તમને જે આત્માનો અનુભવ થાય છે, તે તો પ્રતીતિ વિશેષ મજબૂત (ગાઢ) થવા માટેનો છે.

## સ્વગુણોના ધ્યાને અનુભવાય આત્મા

**પ્રશ્નકર્તા :** દાદા, આત્માના ગુણો કેમ અનુભવાય ?

**દાદાશ્રી :** આ તમે અનુભવો છો ને આત્માના ગુણો, જ્ઞાન લીધા પછી ?

**પ્રશ્નકર્તા :** હા, હા. એટલે આમ કયો ગુણ ?

**દાદાશ્રી :** એટલે આમ નિરાકુળતા નામનો ગુણ. આકુળ નહીં, વ્યાકુળ નહીં. નિરાકુળતા નામનો એક અષ્ટમાંશ ભાગ, જે સિદ્ધનો ગુણ છે તે અહીં આગળ વર્તે છે. નિરાકુળતા ! પછી અનંત જ્ઞાન, કોઈ પણ વસ્તુ મૂંઝવે નહીં. તમને જ્ઞાન હાજર થઈને તે ખબર આપે. અનંત દર્શન, કોઈ વસ્તુ તમને અડચણ ના કરે. ત્યારે સમજણ ઊભી થઈને નિકાલ કરી નાખે. અનંત શક્તિ, ગમે તેવી ખરાબ પરિસ્થિતિમાં પણ સમભાવથી નીકળી જાવ, ચિંતા-વરિઝ કર્યા વગર.

**પ્રશ્નકર્તા :** આ સમભાવથી નીકળી જવું એ અનંત શક્તિઓ છે, દાદા ?

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** કાયમની કે ?

**દાદાશ્રી :** ના, આ બધા અંશ ભેગા કરે ત્યારે મૂળ થાય.

**પ્રશ્નકર્તા :** જ્ઞાન પછી આત્માનું ધ્યાન વધારે કેવી રીતે કરાય ?

**દાદાશ્રી :** આત્મા પોતે થઈ ગયો, પણ પોતાના ગુણોનું ધ્યાન ધરે, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત સુખ, આ બધા ગુણોનું ધ્યાન ધરે, એ ધ્યેયની મહીં રહે, બોલે એટલે ધ્યાન ઉત્પન્ન થાય.

**પ્રશ્નકર્તા :** પોતાના ગુણધર્મ, અનંત જ્ઞાન-અનંત દર્શન તેનું ધ્યાન કરે તો તે પ્રદેશો ખુલ્લા થાય ?

**દાદાશ્રી :** થાય, અવશ્ય થાય. આત્માના ગુણો જેટલા જાણ્યા તેટલાનું ધ્યાન કરે તો તેટલા આત્માના પ્રદેશ ખુલ્લા થતા જાય, તેમ તેમ જ્ઞાનપ્રકાશે ને તેમ તેમ આનંદ વધતો જાય.

## ગુણોના આરાધને ધ્યાન ઉત્પન્ન થાય

આ આત્માના ગુણો તો તમારે સ્વતંત્ર બોલવા માટે આપેલા છે. 'હું અમૂર્ત છું.' મન-

વચન-કાયા એ મૂર્ત સ્વરૂપી છે, હું અમૂર્ત છું. આ સંસારની સર્વ જંજાળો મૂર્ત સ્વરૂપી છે, હું અમૂર્ત છું. ધર્મ-અધર્મ મૂર્ત સ્વરૂપી છે, હું અમૂર્ત છું. આ લોકો અપમાન કરે છે તે કોનું અપમાન કરે છે ? દેખાય છે તેનું. મારું અપમાન શી રીતે થાય ? 'હું અમૂર્ત છું.' એ ગુણનું આરાધન એ જ અમૂર્તનું આરાધન અને એનું ધ્યાન કરવાથી, એનું મનન કરવાથી જ્ઞાન ઉત્પન્ન થાય. આ તો મનન છે, એમાંથી ધ્યાન ઉત્પન્ન થાય. ધ્યાન સીધું ના હોય. ધ્યાન સીધું કરી ના શકાય. કોઈ વસ્તુનું મનન કરીએ તેમાંથી ધ્યાન ઉત્પન્ન થાય. ત્યારે કહે, 'ધ્યાન કશું થતું નથી.' મૂઆ, તારે હવે શાનું ધ્યાન કરવાનું ?

**પ્રશ્નકર્તા :** અમૂર્ત છું, એ અમૂર્તનું ધ્યાન કેવી રીતે થાય ? એ તો મન-વચન-કાયાથી પર વસ્તુ છે.

**દાદાશ્રી :** ના, એ જ ધ્યાન કહેવાય. આ એ જ ધ્યાન, અમૂર્તનું ધ્યાન તો આખો દહાડો તમને ચાલ્યા જ કરે છે મહીં. 'હું શુદ્ધાત્મા છું, હું શુદ્ધાત્મા છું', ત્યાં જતા જતા તમારા ધ્યાનમાં હતું કે નહીં ?

**પ્રશ્નકર્તા :** હતું.

**દાદાશ્રી :** એ શુક્લધ્યાન, એ અમૂર્તનું ધ્યાન.

## ગુણોના અભ્યાસે લક્ષ થાય મજબૂત

**પ્રશ્નકર્તા :** આત્માના ગુણોની જે ભજના કરીએ કે 'હું અનંત જ્ઞાનવાળો છું, અનંત શક્તિવાળો, અનંત દર્શનવાળો, અનંત સુખનું ધામ' અને બીજા ગુણો તો એનાથી જ્ઞાતા-દ્રષ્ટાપણું વધારે મજબૂત થતું જાય કે જ્ઞાતા-દ્રષ્ટાપણા પહેલાનું જે છે તે ભજના કરવાની ?

**દાદાશ્રી :** આ તો પહેલા શરૂઆતમાં કહેવાય આ 'હું શુદ્ધાત્મા છું' એવું મજબૂત કરવા માટે અને હેલ્પિંગ થાય પાછું.

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** કોઈ કહે, 'હું મારી નાખીશ.' તો એ ભય પામવાની જગ્યાએ એને શું થાય કે 'હું અવ્યાબાધ છું, મને શું મારવાના ?' એ અવ્યાબાધ ના જાણતો હોય તો એ કહે, 'મને કોઈ મારી નાખશે તો શું થશે ?' કોઈ કહે, 'કાપીને ટુકડા કરીશ.' તોય આપણને મનમાં એમ લાગે કે 'હું અવ્યાબાધ છું, શરીરના ટુકડા થાય.' એટલે પહેલાથી એના ગુણો સ્ટડી કરી રાખવાના, મજબૂત કરી રાખવાના.

## ચરણ વિધિના અભ્યાસે શુદ્ધાત્મા લક્ષ

**પ્રશ્નકર્તા :** 'હું શુદ્ધાત્મા છું' એની માળા કરવાની જરૂર ખરી ?

**દાદાશ્રી :** એ માળા કરવાની કશી જરૂર નથી. આત્માની માળાઓ ફેરવશો નહીં. માળા સ્વરૂપ નથી એ. શબ્દ સ્વરૂપ નથી એ. 'હું શુદ્ધાત્મા છું' એ આપણને ખ્યાલમાં રહેવું જોઈએ, બસ. અને એ 'શુદ્ધાત્મા છું' એવું લક્ષ રહે, એનું નામ શુદ્ધાત્માનું ધ્યાન કહેવાય. એ શુક્લધ્યાન વર્તે છે. કલ્યાણ થઈ ગયું, બીજું કશું હવે આઘુંપાછું કરવાની જરૂર નથી. પેલી ચોપડી-બોપડી વાંચો છો ? ચરણ વિધિ.

**પ્રશ્નકર્તા :** હા, બધી વાંચું છું. રોજ ચરણ વિધિ-નમસ્કાર વિધિ છે એ વાંચું છું.

**દાદાશ્રી :** વાંચજો. એટલું જ કરવાની જરૂર છે. બીજું આ શુદ્ધાત્મા જોવાના બધા લોકોમાં ! એનાથી બહુ સારું રહે. આ તો બેસ્ટ વે (સારો રસ્તો) છે. અને આજ્ઞા પાળો ને, તો બહુ સુંદર રહેશે. આજ્ઞા એની વાડ છે, નહીં તો કોહવાઈ જાય બધું આ તો !

હજુ તો શુદ્ધાત્મા થયા પછી અંદર નથી જતા, બહાર જતા રહો છો. કારણ કે અભ્યાસ નથી અંદર જવાનો. અન્અભ્યાસ છે ને ? તે પહેલો અભ્યાસ થોડો કરવો જોઈએ ને ?

## લક્ષની લિંક તૂટે ત્યારે

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્માનું લક્ષ કાયમ કેવી રીતે રહે ? લિંક તૂટી જાય છે.

**દાદાશ્રી :** મહીં લક્ષની લિંક તૂટી જાય, ત્યારે

એ તો આપણે બોલવું પડે, 'હું અનંત જ્ઞાનવાળો છું કે અનંત દર્શનવાળો છું' એવું બધું બોલે એટલે ફિટ થઈ જાય લિંક. લિંક તૂટી જાય, લિંક બધી પૌદ્‌ગલિક છે.

**પ્રશ્નકર્તા :** આવું બને ખરું ?

**દાદાશ્રી :** હા, બને એ તો. આવું બધું તો ઘણી વખત બને, અને તે જ્ઞેયસ્વરૂપે છે. અને જ્ઞેયને જોવાની લિંક તૂટી જાય. જ્ઞાતા તો હોય જ, પણ પેલી લિંક તૂટી ગઈ હોય તો આપણે બોલીએ તો ફરી લિંક ચાલુ થાય.

લિંક તૂટી ગયેલી ખબર પડે છે એનો તું જ્ઞાતા છું અને સળંગ રહેલી છે તેનોય જ્ઞાતા છું. આપણે જ્ઞાતાસ્વરૂપે જ છીએ. તૂટતું હોય તો તૂટે, બસ એને જાણવું જોઈએ આપણે.

## આત્માના ગુણો વર્તે તો જ પુદ્‌ગલના ગુણો ખપે

**પ્રશ્નકર્તા :** આત્માના જે ગુણો છે એ તો જ્યારે પુદ્‌ગલનું બધું પૂરું થશે પછી જ વર્તાશે ને ? એ પહેલા વર્તાય ખરા ?

**દાદાશ્રી :** એ વર્તાય તો જ પુદ્‌ગલના ગુણો ખપે. આત્માની હાજરી વગર પુદ્‌ગલ ખપે જ નહીં.

**પ્રશ્નકર્તા :** તો કાલે હું એવું વિચારતો હતો કે જ્યારે પુદ્‌ગલ મારું ક્લિયર (ચોખ્ખું) થશે, પછી આત્માના ગુણો એની જાતે પ્રગટ થશે.

**દાદાશ્રી :** પછી ના હોય, બે સાથે જ ચાલે.

**પ્રશ્નકર્તા :** તો દાદા, આત્માના ગુણોને પ્રગટ કેવી રીતે કરવાના ?

**દાદાશ્રી :** થઈ ગયેલાને શું પ્રગટ કરવાના ? એ જાણતા નથી એનો જ ડખો છે આ બધો. એના ગુણો તો પ્રગટ જ ચાલે (હાજર જ) છે.

**પ્રશ્નકર્તા :** દર્શનમાં તો આવ્યા, હવે અનુભવમાં કેવી રીતે લાવવાના ?

**દાદાશ્રી :** દર્શનમાં હોય, એ જ અનુભવમાં હોય. અનુભવ સિવાય તો દર્શનમાં ના આવે.

## સ્વરૂપ રમણતા જ્ઞાનીકૃપાએ

અહીં ભેદવિજ્ઞાનીની કૃપાથી આત્મા પ્રાપ્ત થાય, ત્યારે પછી એની રમણતા ઉત્પન્ન થાય અને રમણતા ઉત્પન્ન થાય ત્યારે તે રૂપ થતો જાય.

'જ્ઞાની પુરુષ' તમને અવસ્થાઓની રમણતામાંથી ઉઠાવી લઈ આત્મરમણતામાં બેસાડી દે. પછી આ અનંત અવતારની અવસ્થાઓની રમણતાનો અંત આવે છે ને નિરંતર આત્મરમણતા કાયમ માટે ઉત્પન્ન થઈ જાય છે.

એક ફેરો 'જ્ઞાની પુરુષ'નો ભેટો થઈ ગયો ને સાંધો મળ્યો, આત્મા પ્રાપ્ત થઈ ગયો, 'સ્વરૂપની રમણતા'માં આવ્યો ત્યાર પછી રાગ-દ્વેષ મટ્યો ને થઈ ગયો વીતરાગ ! નહીં તો ત્યાં સુધી પ્રકૃતિમાં ને પ્રકૃતિમાં જ રમણતા ! એ પ્રકૃતિનું પારાયણ પૂરું થયું, તો થઈ ગયો વીતરાગ !

અત્યાર સુધી આખું જગત એમ માને કે સ્વભાવ રમણતા એ તો અત્યંત કઠણમાં કઠણ વસ્તુ છે. વાતેય સાચી છે, પણ જ્ઞાની પુરુષ હોય ત્યાં આગળ આમ (માથે હાથ મૂકીને કૃપા) કરે ને થઈ જાય. જ્ઞાની પુરુષ મોક્ષદાતા કહેવાય છે.

આત્મા જાણ્યા પછી બીજી ભક્તિ કરવાની રહી જ નહીં ને ! આત્મા જાણ્યા પછી સ્વરમણતા જ કરવાની છે. આ ભક્તિ પરરમણતા છે. એટલે આત્મા જો જાણ્યો જ્ઞાની પુરુષ પાસેથી, એટલે સ્વરમણતા ઉત્પન્ન થઈ. એટલે પછી સ્વની રમણતામાં જ રહેવું જોઈએ.

## સ્વભાવમાં રહેવું એ સ્વરમણતા

આત્માની રમણતા, 'હું આત્મા છું ને આ મારા ગુણધર્મો છે' એમ ચિંતવન થવું, એટલે કે સ્વરૂપ અને સ્વભાવમાં રહેવું એ સ્વરમણતા છે.

આત્માનું લક્ષ રહ્યા કરતું હોય નિરંતર,

એક ક્ષણવાર અટક્યા સિવાય, ત્યારે સ્વરમણતા કહેવાય. એક પોતાનું સ્વરૂપ એકલું જ સ્વરમણતા છે. સ્વરમણતા એટલે પરમાત્મામાં રમણતા થઈ અને પરરમણતા એટલે આ પુદ્‌ગલ, વિનાશીમાં રમણતા. આ વિનાશીની રમણતા એ સંસાર અને અવિનાશી સ્વરૂપની રમણતા એ મુક્તિ.

'હું શુદ્ધાત્મા છું' એ નિરંતર લક્ષમાં રહે અને બીજાને શુદ્ધ જુએ, એ શુદ્ધ રમણતા કહેવાય. એ રમણતા આત્માની રમણતા કહેવાય. પછી બીજી સમભાવે નિકાલ કરતી વખતે આત્માની રમણતા. સમભાવે નિકાલ કરો તો આત્માની રમણતા. પછી પાંચમું પદ (પાંચમી આજ્ઞા) છે તે શુદ્ધાત્માનો ચોપડો એટલે અહીં આવ્યા, તે આત્મ રમણતા. એટલે આપણે પાંચેય આજ્ઞા આત્મરમણતા છે.

નિરંતર આત્મસ્વરૂપ રહેવું, એવું કરી લેવું જોઈએ. એટલે એ પાકું કરી લે એટલે પછી પૂરું, તે કાયમ રહે. નિરંતર આત્મામાં જ રહેવું જોઈએ. રમણતા જ આત્માની હોવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** તો પછી વ્યવહારમાં ગોટાળો થઈ જાય ને ?

**દાદાશ્રી :** વ્યવહાર જેને જરૂર ના હોય તો જ એ આત્મામાં રહે ને! વ્યવહાર તો પૂરો કરવો પડશે ને ! એટલે જ જરા ઓછું સુખ થાય ને ? પછી એમ કરતાં કરતાં વ્યવહાર પૂરો થઈ જાય એટલે પછી સુખ આવે. નિરંતર આત્મરમણતા જોઈશે.

એક ફેરો આત્મા જાણ્યા પછી આ પાંચ આજ્ઞા પાળતો હોય, તે ઘડીએ આત્મરમણતામાં પેસતા શીખ્યો. એ રમણતા પછી ધીમે ધીમે સ્થિર થતી જાય અને આ પુદ્‌ગલ રમણતા બંધ થતી જાય. પછી આ પુદ્‌ગલના રમણથી મુક્ત થયો, એને નિરંતર મુક્ત કહેવાય, એ 'પરમાનંદ' દશા. પરરમણથી મુક્ત થયો. મુક્ત જ છે, અહીં બેઠોય મુક્ત.

## અવિનાશીની રમણતા, એને મોક્ષ હથેળીમાં

આ પૌદ્‌ગલિક રમણતાવાળું જગત છે. અવસ્થાઓમાં તન્મયાકાર રહે એનું નામ સંસાર. અવસ્થાઓમાં તન્મયાકાર એટલે પુદ્‌ગલ રમણતા. 'હું ચંદુભાઈ છું, હું વકીલ છું, આનો મામો છું, આનો સસરો છું, આનો ફુઓ થઉં.' 'વેપારમાં આમ નફો છે, આમ નુકસાન છે' એવું ગા-ગા કરે, એ બધું પુદ્‌ગલ રમણતા. જેમ સંસારીઓ ગાય તેવું ગાણું કે 'આમ કમાયો ને તેમ ગયો ને આ ખોટ ગઈ ને ફલાણું છે.' જો આખો દહાડો માર-તોફાન ! 'સવારમાં વહેલા ઊઠવાની ટેવ મારે. સવારમાં ઊઠતાની સાથે બેડ ટી (પથારીમાં જ ચા) પીવી પડે. પછી પેલી ટી (નાસ્તા સાથે ચા)...' એનું બધું ગા-ગા કરે ને તે જાણવું કે આ પુદ્‌ગલ રમણતા. જે અવસ્થા ઊભી થઈ તેની મહીં જ રમણતા. ઊંઘની અવસ્થામાં રમણતા, સ્વપ્ન અવસ્થામાં રમણતા. જાગ્રતમાં ચા પીવા બેઠો તો તેમાં તન્મયાકાર. ધંધા ઉપર ગયો તો ધંધામાં તન્મયાકાર. તે તન્મયાકાર તો ફોરેનવાળા સહજ પ્રકૃતિવાળા તેથી રહે છે. આ તો પાછા તન્મયાકારેય નહીં. આ તો ઘેર હોય ત્યારે ધંધો સાંભરે, ધંધામાં તન્મયાકાર હોય. જમતી વખતે ચિત્તમાં ત્યાં આગળ ધંધા ઉપર તન્મયાકાર હોય. એટલી બધી આપણી અવળચંડાઈ ! અને સ્વરૂપમાં તન્મયાકાર રહે તેનો મોક્ષ થાય.

અત્યાર સુધી નાશવંત ચીજોમાં જ રમણતા રાત-દહાડો હતી. હવે અવિનાશી રમણતા થઈ. જેને અવિનાશી રમણતા છે, એને મોક્ષ હથેળીમાં છે.

## સિદ્ધસ્તુતિથી સાચો રસ ઉત્પન્ન થાય

**પ્રશ્નકર્તા :** મહાત્માને 'નિજ વસ્તુ' રમણતા વધારે કેવી રીતે થાય ?

**દાદાશ્રી :** રમણતા તો બે-ચાર રીતે થાય. બીજી કોઈ રમણતા ના આવડે તો 'હું શુદ્ધાત્મા છું', 'હું શુદ્ધાત્મા છું' એવું કલાક-બે કલાક બોલે તોય ચાલે, એમ કરતા કરતા રમણતા આગળ વધે.

**પ્રશ્નકર્તા :** દાદા, આપે બે-ચાર પ્રકારની આત્મરમણતા કહી, તે જરા વિશેષ સમજાવો.

**દાદાશ્રી :** આ કેટલાક 'શુદ્ધાત્મા, શુદ્ધાત્મા' કરે. કેટલાક 'શુદ્ધાત્મા' લખીને કરે, તે એ આમાં લખીને કરે તો દેહેય એમાં મહીં રમણામાં પેઠો. દેહ ને વાણી બેઉ પેઠા, એટલે મન તો મહીં હોય જ. અને કેટલાક આ બહારનો વ્યવહાર ચાલતો હોય છતાંય મનથી જો શુદ્ધાત્માની ખરેખર રમણા કરે ને એના ગુણની, એ સિદ્ધસ્તુતિ કહેવાય. એ બહુ કામ આપનારી, બહુ ફળ આપનારી.

પહેલું જાડું કરે ને એટલે પુદ્ગલ રમણતા છૂટવા માંડે. એમ કરતા કરતા ઝીણું થાય અને જો એના ગુણ જ બોલ્યા કરે, અને શુદ્ધાત્માના ગુણોમાં રમણા કરે, જેમ કે 'હું અનંત જ્ઞાનવાળો છું', 'હું અનંત દર્શનવાળો છું', 'હું અનંત સુખનું ધામ છું', 'હું અનંત શક્તિવાળો છું' બોલો, એટલે સાચો રસ ઉત્પન્ન થઈ જાય ! એ સાચી રમણતા કહેવાય. એ તરત જ, 'ઑન ધ મોમેન્ટ' ફળ આપે ! પોતાનું સુખ અનુભવમાં આવે.

**પ્રશ્નકર્તા :** પુદ્ગલના રસોને દબાવીએ, તો આત્માના રસો ઉત્પન્ન થાય ?

**દાદાશ્રી :** ના, દબાવવાનો અર્થ જ નથી. એ તો એની મેળે ફિક્કા થઈ જાય. આત્માના ગુણો કલાક-કલાક સુધી બોલો તો તરત ઘણું બધું ફળ આપે. આ તો રોકડું ફળવાળી વસ્તુ છે, અગર તો દરેકની મહીં 'શુદ્ધાત્મા' જોતા જોતા જાવ તોય આનંદ થાય એવું છે.

## સ્વરૂપની આરાધનાએ થાય જગત વિસ્મૃત

'જગત વિસ્મૃત રહેવું' એ જ છેલ્લામાં છેલ્લું સાધન છે. હવે વિસ્મૃત એમને એમ તો રહી શકે નહીં. કોઈમાં સ્મૃતિ દાખલ થયા સિવાય જગત વિસ્મૃત રહી શકે નહીં. એટલે સાચી આરાધના ઉત્પન્ન થયા સિવાય જૂઠી (આરાધના) છૂટે નહીં.

એટલે આત્માના પોતાના સ્વરૂપની આરાધના શરૂ થાય, રમણતા શરૂ થાય, ત્યારે આ જગત વિસ્મૃત રહે. આ (સંસારી) રમણતા ચાલુ છે ત્યાં સુધી પેલું વિસ્મૃત રહે. આત્મા હાથમાં આવ્યા વગર આત્માની રમણતા ઉત્પન્ન થાય નહીં, ત્યાં સુધી બધી પૌદ્ગલિક રમણતા છે.

એ અહીંથી આમ ઘટે છે ત્યારે પેલી બાજુ બેસે. પેલી બાજુ ઘટશે ત્યારે પેલી બાજુ બેસે. પણ આમથી આમ આ સંસારમાં જ રમણતા એની. જ્યારે એ આત્માનું સુખ ચાખે છે, ત્યારથી એની આસક્તિઓ બધી મોળી પડી જાય અને આત્મરમણતામાં આવે છે. આ જે આસક્તિ આની સંસારની રમણતામાં હતી, એ એને બદલે આત્માની રમણતા ચાખે છે, ત્યારથી જ રમણતા ઉત્પન્ન થાય છે. 'હું શુદ્ધાત્મા છું' એ લક્ષ બેસી જાય છે. એ રમણતા એ જ સ્વાદ ચાખ્યો કહેવાય. એ સ્વાદ ચાખ્યો માટે રમણતા. આના કરતા ઊંચો છે સ્વાદ. એટલે પેલી સંસારની રમણતા બંધ થઈ જાય છે ને આ રમણતા ચાલુ થાય છે. એટલે લક્ષ બેસી જાય છે, નહીં તો લક્ષ બેસે નહીં ને પોતાને ! એમ જેટલું ચાખે એટલું પોતાને ભાન થાય કે આ ઊંચું છે.

## ગુણોની ભજનાથી વધે આત્મજાગૃતિ

**પ્રશ્નકર્તા :** આપે આગળ કહ્યું કે આત્માની રમણતા બધી પુદ્ગલની ક્રિયાઓને જોવી અને જાણવી તે જ છે અને પછી પાછું આ આત્માના ગુણોને યાદ કરવા તે પણ કહ્યું તો બન્નેમાં ફરક શું ?

**દાદાશ્રી :** જોવું-જાણવું અને એ આત્મરમણતા. આ પૌદ્ગલિક ક્રિયાઓ જે થાય છે તમારી, ચંદુભાઈ શું કરે છે એ જોવું-જાણવું અને બધી રીતે ઊંડા ઊતરવું ઝીણામાં ઝીણી બાબતમાં તે આત્મરમણતા છે અને ગુણો યાદ કરવા તે આત્માનું, પોતાનું નિશ્ચયબળ વધવા માટે છે, જાગૃતિ વધવા માટે, સંપૂર્ણ દશા માટે છે.

આત્માના ગુણોને યાદ કરવાથી આત્માની દ્રઢતા, નિશ્ચયબળ વધે છે. માટે ગુણો યાદ કરવા. પોતે પોતાની પૂર્ણાહુતિ કરીએ છીએ, ગુણો યાદ કરવાથી અને પૌદ્ગલિક ક્રિયાને જોવી અને જાણવી એ તો પૂર્ણાહુતિ થયા પછી જ આવી શકે એમ છે. એ બે જુદી વસ્તુ છે.

## આત્મગુણોની ભજના તે જ સિદ્ધસ્તુતિ

આત્માના જે ગુણધર્મો છે ને, એ જે બોલે છે ને, એને સિદ્ધસ્તુતિ કહે છે. એ ગાયા કરે તો ઘણું કામ કાઢી નાખે.

'હું અનંત જ્ઞાનવાળો છું, અનંત દર્શનવાળો છું, અનંત શક્તિવાળો છું' એવું દસ-દસ વખત બોલે, તો ક્યાં જઈને પહોંચે ! કેટલો બધો ઉપયોગ થાય ! અને એ તદ્દન શુદ્ધ ઉપયોગ ! એને સિદ્ધસ્તુતિ કહી ! આત્મા અગોચર છે એટલે એના ગુણો થકી જ (ભજના) થાય. અરે ! આ દાદા ભગવાનના એક્ઝેક્ટ (યથાર્થ) દર્શન કરો તોય તે સંપૂર્ણ સિદ્ધસ્તુતિ.

**પ્રશ્નકર્તા :** સિદ્ધસ્તુતિ ! બરોબર છે, સિદ્ધસ્થિતિની ભજના કરવી હોય તો આત્માના ગુણો બોલવાથી થાય.

**દાદાશ્રી :** હા, સિદ્ધસ્તુતિ. અહીંયા આગળ આ દુનિયા ઉપર સિદ્ધસ્તુતિ કહી. કોઈ દહાડો બોલેલો કે ? કોઈ દહાડોય નહીં ?

આ સિદ્ધસ્તુતિ થાય તો અનંત સુખ થાય. એ કંઈ અઘરી છે આમાં ? ત્યારે રાત તો આપણા બાપની જ છે ને ? કંઈ બીજાનો ભાગ છે મહીં ?

**પ્રશ્નકર્તા :** આપણા બાપની જ !

**દાદાશ્રી :** કોઈનો ભાગ નહીં ? બાપનો હશે ને ભાગ ?

**પ્રશ્નકર્તા :** સહેજેય નહીં.

**દાદાશ્રી :** તું કહું છું ને આપણા બાપની ? કોઈનોય ભાગ નહીં. હેય.. નિરાંતે કલાક ગાઈએ. તને કેમ લાગે છે ? અને અઘરું બહુ, નહીં ? આમાં કંઈ અઘરું છે ?

**પ્રશ્નકર્તા :** અઘરું તો નથી, દાદા.

**દાદાશ્રી :** ખાલી એ ટેવ પાડી નથી એટલું જ છે. પ્રેક્ટિસ પાડીએ ને તો બધું સવળું થઈ જાય એવું છે.

**પ્રશ્નકર્તા :** આત્માના ગુણો આપણી સમક્ષ હોય એ બોલતી વખતે ગુણો સમજીને બોલવું પડે ?

**દાદાશ્રી :** ના, આ બોલવાનું જ ખાલી. ગુણો આમાં સમજી રાખવાની જરૂર જ નથી. ગુણો એ જુદી વસ્તુ કહેવાય. તે બોલતી વખતે એ ઉપયોગ કહેવાય, પોતાના શુદ્ધ ઉપયોગમાં આવે અને એ સિદ્ધસ્તુતિ થાય. એટલે આ બોલવાનું જ બસ. તેય આપણા કાનને સંભળાય એટલું જ. તે આઠ મિનિટથી ઉપર, પ્રયોગ કરી જોવાનો. અનુકૂળ ના આવે તો રહેવા દેવો, અનુકૂળ આવે તો કરવો. પણ આ તો બધાને અનુકૂળ જ આવે.

## સિદ્ધસ્તુતિની રમણતાથી તૂટે સર્વે અંતરાય

**પ્રશ્નકર્તા :** 'સર્વ અંતરાયો તૂટે સિદ્ધ આત્મરમણામાં !' એ સમજાવો.

**દાદાશ્રી :** હા, આત્માની જે સિદ્ધસ્તુતિ, તે સિદ્ધસ્તુતિ રમણતામાં બધાય અંતરાય તૂટી જાય.

(મૂળ) આત્મા સિદ્ધ (સ્વરૂપ) જ છે અને (આપણે) એની સિદ્ધસ્તુતિ જો બોલીએ, જો એ રમણા થાય તો બધું ઊડી જાય. એ આત્મરમણામાં બધાય અંતરાય તૂટે, ભગવાન જ થઈ ગયો.

**પ્રશ્નકર્તા :** જાગૃતિ કાચી પડી જાય, ત્યાં શું કરવાનું ? પ્રતિક્રમણ કરવાનું કે નિશ્ચય કર્યા કરવાનો ?

**દાદાશ્રી :** સિદ્ધસ્તુતિ કરવી. પેલી જે ચરણ વિધિ છે ને, એમાંથી અમુક અમુક શબ્દ કાઢી

નાખવાના, 'હું કરું છું' એ બધું અને બીજી બધી રહી એ સિદ્ધસ્તુતિ, એ બોલવી.

## જરૂરિયાત માત્ર બોલવાની જ

**પ્રશ્નકર્તા :** સમય નિર્ધારિત કરાય આ બોલવા માટે ?

**દાદાશ્રી :** ગમે તે ટાઈમે બોલો, નિર્ધારિત સમયે નહીં.

**પ્રશ્નકર્તા :** ધારો કે આપણે સવારે સાતથી આઠ એક કલાક બોલવું છે એવું નક્કી કર્યું હોય, હવે એ પ્રમાણે આપણે રોજ નિશ્ચયથી કરીએ એ વધારે સારું કે પછી ગમે ત્યારે આપણને મન થાય ત્યારે કરીએ અને ભાવ ના થાય ત્યારે નહીં કરવાનું ?

**દાદાશ્રી :** ના, એ નિર્ધારિત કરેલું હોય તો વધારે સારું. નિર્ધારિત ના રહે તો પછી ગમે ત્યારે પણ બોલવું. નિર્ધારિત સમય મળવો, એવું અમુક જ માણસને મળે, બધાને ના મળે.

**પ્રશ્નકર્તા :** સાતથી આઠ, વખતે એક કલાક ધારો કે નક્કી કરેલો હોય એ ટાઈમે બેસે બોલવા, એ વખતે ભાવ હોય કે નાયે હોય, તોય બોલીએ.

**દાદાશ્રી :** ભાવની મારે જરૂર જ નથી ને ! મેં ક્યાં એવું કહ્યું છે ? કોઈ કન્ડિશનલ (શરતાધીન) નથી આ. આ તો (નિર્વિકલ્પની) કલ્પના છે. ભાવ હોય કે ના હોય, મારે કંઈ જરૂર નથી. આપણે કાનને સંભળાય એવું બોલજો. આમાં ભાવ હોતો જ નથી. આપણે ત્યાં ભાવ જેવી વસ્તુ જ રહેતી નથી. ભાવ કેન્સલ થયેલો છે, એનું નામ અક્રમ. અને ભાવ શબ્દ બોલે છે, એ તો ઈચ્છાને ભાવ કહે છે. એટલે ભાવ તો આપણે ત્યાં કેન્સલ થયેલો છે.

**પ્રશ્નકર્તા :** મનમાં કષાયો હોય તો બોલાય ?

**દાદાશ્રી :** કષાયો હોય ત્યારે બોલે તો ઉત્તમ. કષાયને બંધ થઈ જવું પડે, એને તે ઘડીએ જતું રહેવું પડે, ઘર ખાલી કરીને. જેમ વાઘણ આવે તે ઘડીએ કોઈ ઊભા રહે ? તે આવું બોલો તે ઘડીએ કષાયો નાસી જવા જેવું થઈ જાય.

## ચરણ વિધિ કરતાં રહે શુદ્ધ ઉપયોગ

**પ્રશ્નકર્તા :** તો ચરણ વિધિ ક્યારે કરવી જોઈએ ?

**દાદાશ્રી :** એ તો દહાડે ગમે ત્યારે, જાગ્રત સ્થિતિમાં. તે ઘડીએ તમારે એમ કહેવું, 'ચંદુભાઈ, કરો ચરણ વિધિ.'

અને એ ચરણ વિધિ આત્મપક્ષના હેતુ માટેની છે, પણ આ બીજી બધી વિધિઓ તો નમસ્કાર વિધિ, નવ કલમો, એ કોઈ પક્ષમાં નહીં. એ તો આ બધા છૂટ્યા આનાથી, આઉટ ઓફ સંસાર (સંસારથી મુક્ત) એવો હું છું, કહે છે. ત્યારે આત્મા છો ? ત્યારે કહે, આત્મા તો હતો જ, એમાં મારે શું પૂછવાનું ? પણ હું આ સંસારથી છૂટું છું !

**પ્રશ્નકર્તા :** નહીં તો જો વિધિમાં ના રહ્યા હોત તો સંસારના...

**દાદાશ્રી :** તો બીજામાં જ પેસી જાય. સંસારમાં તો છો જ, સંસારની બહાર નીકળી શકે નહીં. એટલે આ મોટામાં મોટો ઉપાય મેં લીધેલો અને કેટલાંય વખતથી અમારે ચાલ્યું આવે છે, જ્ઞાન થતાં પહેલાંથી આ છે.

**પ્રશ્નકર્તા :** હવે વિધિ ચાલતી હોય, એના પણ જ્ઞાતા-દ્રષ્ટા હોય ને ?

**દાદાશ્રી :** હા, એ પાછું ખરું ને ! જ્ઞાતા-દ્રષ્ટા વગરની વિધિ ના હોય અમારી. ઉપયોગપૂર્વક એટલે ભૂલચૂક થઈ હોય, એ તો પછી ખ્યાલમાં જ હોય. મહીં કોઈનો ફોટો હોય ને, તે ફોટો હઉ એક્ઝેક્ટ મોઢું દેખાય. 'નમો અરિહંતાણં' બોલીએ એટલે અરિહંત દેખાય અમને.

**પ્રશ્નકર્તા :** નવરા બેઠા 'હું શુદ્ધાત્મા છું' બોલું અથવા તો ચરણ વિધિ વાંચ વાંચ કરું છું, તો એ ઉપયોગ કહેવાય ?

**દાદાશ્રી :** હા. એ ચરણ વિધિ એટલી બધી મોઢે કરી નાખવી જોઈએ કે બસ, આમ બેઠાં બેઠાં પછી વાંચીએ તો આંખ બંધ કરીને વગર ચોપડીએ શબ્દે શબ્દ વંચાય આમ, એના જેવું ઊંચું કોઈ જ્ઞાતા-જ્ઞેય છે જ નહીં ! તે શુદ્ધ ઉપયોગ કહેવાય ! ચરણ વિધિ મોઢે બોલવી અને જોડે જોડે એને વાંચવી એ બધું શુદ્ધ ઉપયોગ !

### ચરણ વિધિ એ વ્યવહાર સિદ્ધ સ્તવન

**પ્રશ્નકર્તા :** હવે આ ચરણ વિધિમાં જે બોલાય કે 'હું શુદ્ધાત્મા છું' ને 'અનંત જ્ઞાનવાળો છું', એ બધું શેમાં જાય ?

**દાદાશ્રી :** આત્મપક્ષમાં જાય. ચરણ વિધિ તો તમારે દહાડે વાંચવાની. આ બીજી વિધિઓમાં આ નવ કલમો, નમસ્કાર વિધિ ને એ બધું આવે. તે ઊંઘેય આવી જાય તમને, તોય ચાલે. ઊંઘ પછી પાછો જાગ્રત થાય તો પેલી વિધિ પાછી ફરી ભેગી થાય તોય ચાલે. પેલી ચરણ વિધિમાં એવું ચાલે નહીં, ટુકડા ના હોય એમાં.

**પ્રશ્નકર્તા :** તો દાદા, આ ચરણ વિધિ કરીએ એનાથી શું ફાયદો થાય ?

**દાદાશ્રી :** આ ચરણ વિધિ એ વ્યવહાર સિદ્ધનું સ્તવન છે, વ્યવહાર સિદ્ધ સ્તવન. એટલે સિદ્ધની સ્તવના છે આ. એટલે ખાસ કરવા જેવી વસ્તુ છે.

**પ્રશ્નકર્તા :** વ્યવહાર સિદ્ધ સ્તવન એટલે શું ?

**દાદાશ્રી :** સિદ્ધ સ્તવન. આપણને સિદ્ધસ્થિતિમાં લઈ જનારો વ્યવહાર આ. એટલે ચરણ વિધિ એટલા માટે જ આપેલી છે ને !

એકાદ વખત વાંચો છો દરરોજ ?

**પ્રશ્નકર્તા :** હા, પણ આ ચરણ વિધિ કરીએ એ ચાર્જ ગણાય કે ડિસ્ચાર્જ ગણાય ?

**દાદાશ્રી :** એ ચાર્જ કહેવાય. જેને 'કરવી પડે' એમ કહીએ ને, એ ચાર્જ અને તેય આજ્ઞાપૂર્વકની છે વસ્તુ.

### એ બોલવાથી વર્તે છૂટાપણું

ચરણ વિધિમાં એ બન્ને છે, ચરણ વિધિ ને સિદ્ધસ્તુતિ બેઉ ભેગા છે. પુષ્ટિ આપે એટલે મજબૂત બનાવે, એ જેમ જેમ વાંચે તેમ તેમ.

**પ્રશ્નકર્તા :** ચરણ વિધિ આપણે બોલ બોલ કરીએ તો આપણને આત્માના અને અનાત્માના ગુણધર્મો ખબર પડ્યા કરે.

**દાદાશ્રી :** હં...

**પ્રશ્નકર્તા :** એટલે જ્યારે કોઈ પણ પ્રસંગ આવે, અનુરૂપ પ્રસંગ આવે ત્યારે આપણને ખબર પડે કે આપણે છૂટા છીએ. એ ટકાવી રાખવા આ ગુણધર્મો ગા ગા કરે તો ચાલે ?

**દાદાશ્રી :** એવું છે ને, એ ચરણ વિધિ કરતો હોય ને, ત્યારે વધારે છૂટાપણા જેવું લાગે. પણ જેણે ચરણ વિધિ એકુંય વખત ના બોલી હોય પણ આ આત્મા પ્રાપ્ત કર્યો હોય ને, એ પણ માંદગીમાં છૂટો રહે. ત્યારે એને ખબર પડે કે 'હું જુદો છું.' એ સ્વભાવ છે. આમાં તન્મયાકાર પરિણામ ના થાય. અને પેલું રોજ એ (ચરણ વિધિ) કરતો હોય તેને તો વધારે પરિણામ આવે, ઊંચું પરિણામ આવે. પણ આ માંદગી એકલામાં છૂટો રહે, કશું ના કરતો હોય તોયે. આ જ્ઞાન આપેલું, છૂટું પડ્યું છે, તેનો અનુભવ માંદગી એકલામાં થાય. છે છૂટું જ, પણ આ તો શા માટે આવું બોલવું પડે છે ? પેલા બીજા ડિસ્ચાર્જના પરિણામ આવે છે, તેનાથી બધું મહીં એ થઈ જાય પાછું, ગૂંગળામણ, તે આ બધું બોલવાથી ઊડી જાય હડહડાટ. પછી ચોખ્ખું ને ચોખ્ખું રહ્યા કરે.

### ગુણોની ભજના કરવાથી રહે સ્થિરતા

**પ્રશ્નકર્તા :** કોઈ વખત નિકાચિત કર્મનો ઉદય હોય, ત્યારે 'હું શુદ્ધાત્મા છું' એ જપયજ્ઞ માંડે, તો પેલું કર્મ હળવું થઈ જાય ?

**દાદાશ્રી :** હા, હળવું થઈ જાય ને ! પછી શુદ્ધાત્મા બોલ બોલ કરે એટલે પોતાની સ્થિરતા ડગે નહીં, એટલે હળવું થઈ જાય. નિકાચિતનો અર્થ એવો કે ઉપરથી ભગવાન એને દૂર કરવા આવે તોય એ દૂર ના થાય, એવાં નિકાચિત કર્મ હોય છે. ભોગવ્યે જ છૂટકો થાય. પણ આપણે શુદ્ધાત્મા બોલ બોલ કરીએ, તો આપણને અડે નહીં. કર્મ કર્મની જગ્યાએ પૌદ્ગલિક રીતે એનો નિકાલ થઈ જાય, આપણને અડે નહીં.

તબિયત નરમ હોય તો એવું કહેવું કે 'ચંદુલાલની તબિયત નરમ રહે છે.' નહીં તો 'મારી તબિયત નરમ રહે છે' કહ્યું કે પાછી અસર થાય, ચિંતવે તેવો થઇ જાય ! અમને તો ડૉકટર પૂછે ત્યારે મોઢે બોલીએ કે 'ઉધરસ થઇ છે.' પણ તરત જ એને ભૂંસી નાખીએ. આપણે કહેવું પડે કે ચંદુલાલને ઉધરસ થઇ છે. પણ શુદ્ધાત્માને કંઇ ઉધરસ છે ? એ તો જેની દુકાનનો માલ હોય તેને જાહેર કરવો પડે, પણ આપણા માથે લઇએ એ શું કામનું ?

મહાવીર ભગવાનને ચોવીસેય કલાક જે શુદ્ધ ઉપયોગ રહેતો'તો. તે તમને પાંચ મિનિટ, દસ મિનિટ, પંદર મિનિટ થાય તો બહુ સારું. ભગવાન શું કરતાં'તાં ? ઢેખાળો મારે તેને શુદ્ધ જોતા'તા, ધોલ મારે તેને શુદ્ધ જોતા'તા, ઉપર કાદવ નાખતા'તા તેને શુદ્ધ જોતા'તા, મારતા'તા તેને શુદ્ધ જોતા'તા. આ વીતરાગ વિજ્ઞાન ચોવીસ તીર્થંકરોનું, શુદ્ધ ઉપયોગનું જ્ઞાન છે ! અહીં સંસારમાં હરતાં-ફરતાં મોક્ષ આપે એવું છે !

હજુ તો જાતજાતનાં મહીં વાવાઝોડાં આવે તો ત્યાં પણ સ્થિરતા પૂર્વક ઉકેલ લાવવો ! વાવાઝોડાં શેના શેના આવવાના ? પૂર્વકર્મના. એટલે ભરેલો માલ છે. પૂરણ થયેલું તે ગલન થતી વખતે વાવાઝોડું ઊભું થાય. તે વખતે આપણે સ્થિરતા પકડવી જોઈએ કે વાવાઝોડું આવ્યું છે.

ગુણોની ભજના કરે તો સ્થિરતા રહે ! 'આ મારું સ્વરૂપ છે અને આ ન્હોય, આ જે થાય છે એ મારું સ્વરૂપ ન્હોય' એવું બોલો તોય ઊંચા-નીચા પરિણામ બંધ થઈ જાય, પોતાને અસર ના કરે. આત્મા શું છે એ એના ગુણ સહિત બોલવું, જોવું, ત્યારે એ પ્રકાશમાન થાય.

## વિધિ વખતે જ્ઞાની કરે ગુણોની પ્રતિષ્ઠા

**પ્રશ્નકર્તા :** આ આપની પાસે અમે જે આપના ચરણે વિધિ કરીએ છીએ, તે વખતે આપને અંદર શું થતું હોય છે ? આપ શું કરો છો ?

**દાદાશ્રી :** એ તો હું છે તે પ્રતિષ્ઠા કરું છું. મેં તમને જે શુદ્ધાત્મા આપ્યો છે ને, એના પ્રતિષ્ઠિત ગુણોથી પ્રતિષ્ઠા કરું છું. એટલે શક્તિ વધતી જાય.

**પ્રશ્નકર્તા :** પ્રતિષ્ઠા એટલે શું ?

**દાદાશ્રી :** પ્રતિષ્ઠા એટલે તમારામાં જે શક્તિઓ ખલાસ થઈ ગઈ'તી, તે શક્તિઓ હું નાખું છું. 'તમે અનંત જ્ઞાનવાળા છો, અનંત દર્શનવાળા છો. અનંત શક્તિવાળા છો' એવી શક્તિઓ નાખું છું. તમે એવું બોલો કે 'હું શુદ્ધાત્મા છું,' ત્યારે હું કહું કે 'તું અનંત જ્ઞાનવાળો છું, અનંત દર્શનવાળો છું, અનંત શક્તિવાળો છું, અનંત સુખધામ છું.' એટલે એ મહીં પરોવાતું જાય, પ્રતિષ્ઠા થતી જાય. એટલે જેટલી પ્રતિષ્ઠા વધારે થાય એટલી શક્તિ વધારે પ્રાપ્ત થાય.

## ધાતુ મિલાપ એટલે સ્વભાવ મેળાપ

આત્મા જ્ઞાતા-દ્રષ્ટા છે અને તમે પણ છે તે જ્ઞાતા-દ્રષ્ટાના એ (પદ)માં પેસો ધીમે ધીમે, તો તમારું ને એનું (મૂળ આત્માનું) બન્નેનું ધાતુ મેળાપ થાય.

**પ્રશ્નકર્તા :** દાદા, એ ધાતુ મિલાપ (મેળાપ) નું જરા કહો ને. કારણ કે ઘણી વખત એ શબ્દ આવે છે, એ ધાતુ મિલાપ એટલે શું ?

**દાદાશ્રી :** ધાતુ મિલાપ એટલે એમની ધાતુ

જે છે, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શક્તિ એવી જો આપણી થઈ જાય એટલે ધાતુ મિલાપ થયો કહેવાય. એ જે ધાતુના છે, એ જ ધાતુ આપણી થવી જોઈએ. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શક્તિ, અનંત સુખ, અવ્યાબાધ એ બધુંય, એ ધાતુએ આપણી ધાતુ થઈ જાય ત્યારે ધાતુ મિલાપ થયો કહેવાય. આમેય બીજી ધાતુમાં ફેર હોય તો ચાલે નહીંને! સોના જોડે છાસિયું સોનું જોડીએ તો શું થાય ? ધાતુ મિલાપ ના કહેવાય.

ધાતુ મિલાપની ક્રિયા એટલે શું ? તો કહે, આત્માના ગુણો આપણે બોલીએ, તો જ ધાતુ મિલાપ થાય અને બીજા ગુણો બોલીએ તો ધાતુનો મિલાપ ના થાય. ધાતુ મિલાપ એટલે સ્વભાવ મેળાપ. એના સ્વભાવે સ્વભાવરૂપ થઈ જવું તે. અને તમારે માટે તો મહેનત કરવાનું રાખ્યું છે જ ક્યાં ? માટે જ કહું છું કે કામ કાઢી લેજો. વહેલામાં વહેલું ધાતુ મેળાપ કરી લેજો.

એટલે તમે છે તે લોખંડનું સોનું થતા જાવ અને એ તો પારસ છે. પણ તમારું ધાતુ મેળાપ થાય એટલે એનો સ્વભાવ એ આપણો સ્વભાવ થઈ જાય. પણ મહીંલાવાળાને ભજે તો ને ?

## તેરસ-ચૌદસ સુધી ગુણ, પૂનમે કહેવાય સ્વભાવ

**પ્રશ્નકર્તા :** આ અનંત દર્શનવાળો, અનંત શક્તિવાળો આ બધા આત્માના ગુણો કહેવાય અને હું મારા સ્વ-સ્વભાવવાળો શુદ્ધાત્મા છું, તો એ સ્વભાવ અને આ ગુણ એમાં શું ફેર છે ?

**દાદાશ્રી :** ગુણ જુદા જુદા બોલવા પડે, જ્યારે સ્વભાવ એક જ બોલે તો બધાય આવી ગયા મહીં.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, આ ના સમજાયું. સ્વભાવ અને ગુણ આ તો બોલવાની વાત થઈ પણ એ ગુણ કોને સ્પર્શે છે અને સ્વભાવ કોને સ્પર્શે છે ?

**દાદાશ્રી :** ગુણો બધા જુદા જુદા બોલાય, ભેગા નહીં. ભેગા કરીએ એટલે સ્વભાવ કહેવાય. ગુણો બે થયા હોય ને એક ત્રીજો ના પણ થયો હોય, ત્યાં સુધી સ્વભાવ કહેવાય નહીં. સ્વભાવ ક્યારે કહેવાય ? પૂર્ણ દશાએ. સ્વભાવ એટલે પૂર્ણ દશા. એટલે બધા ગુણો ભરાઈ જાય ત્યારે એ સ્વભાવ કહેવાય, છતાં ગુણનું નામ દેવું હોય તો નામ દેવાય. છૂટા કહેવા હોય તો ગુણ કહેવાય અને જથ્થાબંધ કહેવું હોય તો સ્વભાવ કહેવાય.

**પ્રશ્નકર્તા :** એક ગુણ, ધારો કે 'અનંત જ્ઞાન', એનામાં પૂરો આવી ગયો, તો બધા આવી જ જાય ને, દાદા ?

**દાદાશ્રી :** ના, બધા જ આવી જવા જોઈએ. એક-બે ગુણો હોય ને જ્યાં સુધી, ત્યાં સુધી સ્વભાવમાં ના કહેવાય એ.

તેરસ હોય ત્યાં સુધી ગુણ કહેવાય, ચૌદસ હોય ત્યાં સુધી ગુણ કહેવાય અને પૂનમ હોય ત્યારે ગુણ ના કહેવાય, સ્વભાવ કહેવાય. ચૌદસને દહાડે સ્વભાવ ના કહેવાય. પૂનમને દહાડે સ્વભાવ કહેવાય કે ચંદ્ર એના સ્વભાવમાં આવી ગયો. પછી ચૌદસ છે, તેરસ છે એવું તેવું ના બોલીએ તો ચાલે અને જો બોલીએ તો ચાલેય નહીં. લોકો એ એક્સેપ્ટ ના કરે ને ! કારણ કે એ સ્વભાવ કહેવાય.

## આત્મગુણો બોલતા થાય સિદ્ધ સામાયિક

આત્માના ગુણો બોલવામાં એક કલાક, જો ગુંઠાણું કાઢે, ઓહોહો! એ તો મોટામાં મોટી સામાયિક કહેવાય છે. એ તો સિદ્ધ સામાયિક કહેવાય, સિદ્ધ સામાયિક ! આવો કો'ક દહાડો ના નીકળે બળ્યો, ચંદુભાઈ કે સરકાર ખાઈખપૂચીને પાછળ પડી છે ? એક કલાકેય મળે કે ના મળે ?

**પ્રશ્નકર્તા :** મળે.

**દાદાશ્રી :** આ તો અમારા કહ્યા પ્રમાણે ચાલો તો તમને બહુ ફળ મળે એમ છે. જે રીતે અમે ચાલ્યા છીએ એ રીતે તમને ચલાવીએ છીએ. અને એ રીતે તમે કરો તો ઘણું ફળ મળે એવું

છે અને રોકડું ફળ છે, ઉધાર નામેય નથી. કોઈ દહાડોય ઉધાર નથી. અહીં આવો એટલો વખત રોકડું મળે છે ને ? એટલે આપણે આમ જ્ઞાનીના કહ્યા પ્રમાણે કરીએ, એક કલાક ચંદુભાઈ કાઢજો તમે. બસ પોતાના ગુણો, એ ગુણો બધા ઊંચામાં ઊંચા ગુણો, મોટા-મોટા ગુણો એકલા જ !

## ગુણોની ભજનાથી છૂટે પુદ્ગલની હકૂમત

આવો અભ્યાસ કરેલો નહીં, નહીં ?

**પ્રશ્નકર્તા :** આ બધી આવી સૂઝ ક્યાં પડી હોય, દાદા ? સૂઝ ના પડી હોય ને આવી બધી.

**દાદાશ્રી :** મહીં જૂના મહાત્મા હોય ને, તે બધા કરી ગયેલા આ. આ તો નવા મહાત્મા આવે છે તે રહી જાય છે. કો'ક કહે, 'ભઈ, આખો દહાડો શું પુસ્તક વાંચવા ?' તે આખો દહાડો આ પોતાના ગુણધામનું વર્ણન કર્યા કરવાનું છે.

કૃપાળુદેવે જે કહ્યું છે એ બધું જ વર્ણન આવી ગયું છે મહીં. હવે એ સમજો તો ને ! બાળકના હાથમાં રાજની લગામ આપે પણ હવે સમજવા તો પ્રયત્ન કરવો જોઈએ ને ! તો રાજ ટકે. નહીં તોય રાજ કોઈ લઈ લેવાનું નથી. પણ સ્વાદ ના આવે એનો, સ્વાદ આવે નહીં રાજાનો. થોડી-થોડી સમાધિ રહે છે ને ? થયું ત્યારે ! એમ કરતા કરતા પણ આ બધું સમજી લેશો અને આખો દહાડો નવરાશ હોય ને, ત્યારે આત્માના પોતાના ગુણો ગા-ગા કરવા એટલે પુદ્ગલ બંધ થઈ ગયું.

**પ્રશ્નકર્તા :** પુદ્ગલ બંધ થઈ ગયું !

**દાદાશ્રી :** હા... પુદ્ગલની હુકુમતમાંય ના રહ્યા. પોતાના સ્વક્ષેત્રમાં વાત થઈ. એ પોતાના ગુણોનું વર્ણન કર્યા જ કરવું. એને સિદ્ધસ્તુતિ કહી છે ભગવાને.

પોતાના ગુણો જ 'હું અનંત જ્ઞાનવાળો છું' એવું પચ્ચીસ-પચાસ વખત બોલી, 'હું અનંત દર્શનવાળો છું' એમ પચ્ચીસ-પચાસ વખત, પછી 'હું અનંત શક્તિવાળો છું, અનંત સુખનું ધામ છું. અવ્યાબાધ સ્વરૂપ છું, અમૂર્ત છું, સૂક્ષ્મ છું, અગુરુ-લઘુ સ્વભાવવાળો છું, અવિનાશી છું, અવ્યય છું, અચ્યુત છું, અરૂપી છું, ટંકોત્કીર્ણ છું', ટંકોત્કીર્ણ તો સો-સો વખત બોલવું જોઈએ. ટંકોત્કીર્ણ એટલે શું કહે છે કે મારે પુદ્ગલ સાથે લેવાદેવા જ નહોતી પહેલેથી. તો પછી પુદ્ગલ સમજી જાય કે આપણી જોડે વ્યવહાર તોડી નાખ્યો આ લોકોએ. આ તો આવું બોલવું જોઈએ આપણે કંઈક... સાયન્સ છે ને આ તો. સાયન્સના કહ્યા પ્રમાણે કરે નહીં, તો પછી એનું ફળ આવું મળે નહીં. આ તો ભગવાન મહાવીર જેવું રાખે એવું છે, પણ આ એવું છે ને, કરો તો ને ?

## સિદ્ધ થવા પ્રજ્ઞા રોજ કરાવે સિદ્ધસ્તુતિ

સિદ્ધસ્તુતિ રોજ કરવી જ જોઈએ. એ સ્તુતિ કરવાની છે, આપણે સિદ્ધ થવું છે માટે. જે થવું હોય તેની સ્તુતિ કરો. ચંદુભાઈને કરાવડાવવાની, આપણે તો થઈ ગયા છીએ. આપણે પ્રજ્ઞાએ તો કરાવડાવવાની ચંદુભાઈને, 'હું'ને કહીએ, 'તમે કરો ને અમારા જેવા થાવ. પછી તમેય છૂટા ને અમેય છૂટા. સરખે સરખી ભાગીદારી આપણી. તમે પુદ્ગલ સ્વભાવના, અમે ચેતન સ્વભાવના.'

આમાંય તમારે બોલાવવાનું ચંદુભાઈને. બોલો, 'હું શુદ્ધાત્મા છું.' એટલે એનો પડઘો પડે. અને હું બોલતો હતો તેવી રીતે બોલાવડાવવાનું. ફાવશે કે નહીં ફાવે ? કે હું બોલાવડાવું ? રોજે રોજ હું બોલાવડાવવા આવું કે ? તમે બોલાવડાવશો ને ?

અમે સિદ્ધસ્તુતિ કરી'તી ને, તે આવડે કે ના આવડે બધાને ?

**પ્રશ્નકર્તા :** આવડે ને.

**દાદાશ્રી :** એ પચ્ચીસ-પચ્ચીસ વખત એ વાક્યો 'અનંત જ્ઞાનવાળો છું, અનંત દર્શનવાળો છું,

અનંત શક્તિવાળો છું, અનંત સુખધામ છું,' અને બીજા પછી પાંચ-પાંચ વખત બધા. એમ કરીને પૂરું કરો. જેવી રીતે આવડે તેવી રીતે, એનો કશો વાંધો નહીં. તમતમારે કરોને. હું બેઠો છું, જાતે બેઠો છું ને પાસ મારે કરવાના છે ને ! તમને આવડે એવી રીતે કરો. કારણ કે તમારી ભૂલ થાય, એ મૂળ તો મારી જ ભૂલને !

**પ્રશ્નકર્તા :** ભૂલ નહીં થાય, દાદા. ભૂલ કેમ થાય ?

**દાદાશ્રી :** હા, ભૂલ થાય વખતે કો'કની પણ મૂળ તો મારી જ ભૂલને. મેં એને શીખવાડ્યું નહીં, તેથી ભૂલ થઈને !

હવે બધા આંખો મીંચીને 'હું અનંત જ્ઞાનવાળો છું' એ જો પચ્ચીસ વખત નહીં, સો વખત બોલાય તો બોલજો. ત્યાંથી શરૂ, પહેલું બોલો...

**પ્રશ્નકર્તા :** અંદર જ બોલવાનું છે ને ?

**દાદાશ્રી :** અંદર જ બોલવાનું. પણ પહેલું શું બોલવાનું, કે હું ચંદુલાલ, મન-વચન-કાયાનો યોગ, દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી ભિન્ન હે પ્રગટ શુદ્ધાત્મા ભગવાન ! હું અનંત જ્ઞાનવાળો છું, તે કોણ ? હું કાલે બોલાવતો હતો ને તમે બોલતા હતા. આજે 'તમે' બોલાવો ને 'ચંદુલાલ' બોલે. કોણ બોલાવે ? જોનારા 'તમે' અને બોલનારા આ ચંદુલાલ. ચાલો, હવે શરૂ કરી દેશો.

**પ્રશ્નકર્તા :** સિદ્ધસ્તુતિ કરાવે ત્યારે શું અનુભવ થવો જોઈતો'તો ?

**દાદાશ્રી :** કશુંય નહીં. કશોય અનુભવ થવો જ ના જોઈએ ને ! આત્મારૂપ થઈ ગયા પછી બીજો શું અનુભવ થવો જોઈએ ? પણ સિદ્ધસ્તુતિનું ફળ તરત જ મળે એવું છે. મળ્યા વગર રહે જ નહીં. એ તો મળી જાય તરત. એટલે પછી અમારે કહેવાનું ના હોય કે ભઈ, તમને મળ્યું કે ના મળ્યું ?

## સિદ્ધસ્તુતિ વિજ્ઞાન : કૅશ બેંક

એ પાંચ-પચ્ચીસ વખત બોલ્યા તો ચોખ્ખું થઈ જાય. આ તો વિજ્ઞાન છે ! આપણે બધા પૂરેપૂરું વિજ્ઞાન હજુ સમજી લેતા નથી. પદ્ધતિસર સમજી લેવામાં આવે ને તો વિજ્ઞાન એટલે ફળ જ આપ્યા કરે. વિજ્ઞાન એટલે ફળ આપે જ. કૅશ (રોકડી) બેંક જ છે, પણ સમજી લેવાની જરૂર છે. જે આત્મા(નું લક્ષ) આપણને કરોડો ઉપાયે પ્રાપ્ત ના થાય, તે આપણને હાજર થયું અને તેય કલાકમાં હાજર થયું તે આ વિજ્ઞાન કેવું ? એક કલાકમાં હાજર થઈ ગયું અને અત્યારે રાત્રે જાગો ત્યારે 'હું શુદ્ધાત્મા છું' એ સામું આવે ઊલટું. સામું નથી આવતું ?

**પ્રશ્નકર્તા :** આવે છે.

**દાદાશ્રી :** નહીં તો 'શુદ્ધાત્મા' યાદ કરીએ તોય જડે નહીં પણ સામું આવે છે તો આ વિજ્ઞાને જ્યારે આટલો બધો સાક્ષાત્કાર કર્યો તો પછી બીજું બધું કેમ ન થાય ? પણ સમજી લેવાની જરૂર છે. જે આત્માના ગુણો છે ને, તે આખો દહાડો નવરાશ હોય ત્યારે નિરંતર બોલ બોલ જ કરવા જોઈએ ખરી રીતે. નવરાશ ના હોય પણ અડચણ આવે ત્યારે બોલવા.

## આત્મગુણોની ભજનાએ પ્રગટે આનંદ

**પ્રશ્નકર્તા :** આ જ્ઞાન કેવું છે કે વ્યવહારની કોઈ પણ પ્રકારની ઉપેક્ષા કરતું નથી અને પોતાના અંદરના દિવ્યચક્ષુ ખોલી આપનારું આ જ્ઞાન છે. અજ્ઞાન અવસ્થા સામે સંપૂર્ણ રક્ષણ આપે એવું જ્ઞાન છે અને તેથી આ જ્ઞાનને કાળ, કરમ ને માયા ક્યારેય અડતા જ નથી. દાદા પોતે સંપૂર્ણ એ અનુભવદશામાં રહે છે અને આપણે આવવાનું છે બધાયે.

**દાદાશ્રી :** આપણા મહાત્માઓએ અનંત અવતાર પોતાના પુદ્ગલના ગુણધર્મો ગાયા. હવે આત્માના ગુણો આખો દહાડો ગાઓ. 'હું અનંત જ્ઞાનવાળો, હું અનંત દર્શનવાળો છું.'

જ્ઞેયો અનંત પ્રકારના હોવાથી તેની સામે હું અનંત જ્ઞાનવાળો જ્ઞાતા છું. દૃશ્યો અનંત પ્રકારના હોવાથી તેની સામે હું અનંત દર્શનવાળો દ્રષ્ટા છું. હું અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્યવાળો એવો શુદ્ધાત્મા છું. હું અનંત જ્ઞાનક્રિયા, અનંત દર્શનક્રિયા અને અનંત શક્તિક્રિયાવાળો એવો શુદ્ધાત્મા છું.

ભગવાનની સર્વ રિલેટિવ જંજાળોથી સર્વથા મુક્ત એવો શુદ્ધાત્મા છું. શુદ્ધાત્માના મૂળ ગુણો બોલવાથી આનંદ થાય. મૂળ ગુણો બોલે એટલે સિદ્ધસ્તુતિ અને એ જ આ શુદ્ધાત્મા. એ બોલતા-બોલતા જે આનંદ થાય એ જ આત્મા. આપણે ત્યાં આનંદની સ્થિતિ હોય છે, બહાર છે તે શું હોય છે ?

**પ્રશ્નકર્તા :** મસ્તી હોય છે.

**દાદાશ્રી :** આ મસ્તી ના કહેવાય, આનંદ કહેવાય અને આનંદ એ જ આત્મા છે.

**- જય સચ્ચિદાનંદ**


**પૂજ્ય નીરુમાને નિહાળો ટીવી ચેનલ પર...**

| | |
|---|---|
| **ભારત** | ● **'दूरदर्शन' - ગુજરાત (ગિરનાર)** પર દરરોજ સવારે ૯ થી ૯-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯) |
| | ● **'અરિહંત' ચેનલ** પર દરરોજ સવારે ૩ થી ૩-૩૦ અને સાંજે ૫ થી ૫-૩૦ |
| | ● **'साधना' टीवी** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में) |
| | ● **'दूरदर्शन'-मध्यप्रदेश** पर सोम से शनि, दोपहर 3-30 से 4; रवि, शाम 6 से 6-30 (हिन्दी में) |
| **USA -Canada** | ● **'TV Asia'** - પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST |
| | ● **'SAB US'** - પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ EST |
| **UK** | ● **'वीनस' टीवी** पर हर रोज़ सुबह 8 से 8-30 (हिन्दी में) |
| | ● **'SAB UK'** - પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ - Western European Time (6.30am-7am GMT) |
| | ● **'Rishtey-UK'** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में) Western European Time (6am-6-30am GMT) |
| **Singapore** | ● **'SAB- International'** पर हर रोज़ सुबह 8-30 से 9 (हिन्दी में) |
| **Australia** | ● **'SAB- International'** पर हर रोज़ सुबह 11-30 से 12 (हिन्दी में) |
| **New Zealand** | ● **'SAB- International'** पर हर रोज़ दोपहर 1-30 से 2 (हिन्दी में) |

**પૂજ્ય દીપકભાઇને નિહાળો ટીવી ચેનલ પર...**

| | |
|---|---|
| **ભારત** | ● **'दूरदर्शन'-ગુજરાત (ગિરનાર)** પર દરરોજ રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯) |
| | ● **'दूरदर्शन'-ગુજરાત (ગિરનાર)** પર સોમથી શનિ બપોરે ૩-૩૦ થી ૪ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯) |
| | ● **'અરિહંત' ચેનલ પર** દરરોજ રાત્રે ૮ થી ૯ |
| | ● **'दूरदर्शन'-नेशनल** पर सोम से शनि, सुबह 8-30 से 9 ; रवि, सुबह 6-30 से 7 (हिन्दी में) |
| | ● **'दूरदर्शन'-बिहार** पर हर रोज़ सुबह 7-30 से 8 तथा शाम 6-30 से 7, शुक्र शाम 4 से 4-30 (हिन्दी में) |
| | ● **'दूरदर्शन'-उत्तरप्रदेश** पर सोम से शनि रात 8-30 से 9 (हिन्दी में) |
| | ● **'उड़ीसा प्लस' टीवी पर सुबह 7-30 से 8 ( हिन्दी में ) ( नया कार्यक्रम )** |
| | ● **'दूरदर्शन'-सह्याद्रि** पर हर रोज़ सुबह 7 से 7-30 (मराठी में) |
| **USA -Canada** | ● **'Rishtey-USA'** पर हर रोज़ सुबह 7-30 से 8 (हिन्दी में) EST |
| **UK** | ● **'વીનસ' ટીવી** પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ (ગુજરાતીમાં) |
| **Singapore** | ● **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 4-30 से 5 तथा सुबह 7 से 7-30 (हिन्दी में) |
| **Australia** | ● **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 7-30 से 8 तथा सुबह 10 से 10-30 (हिन्दी में) |
| **New Zealand** | ● **'कलर्स' टीवी** पर हर रोज़ सुबह 9-30 से 10 तथा दोपहर 12 से 12-30 (हिन्दी में) |
| **CAN-Fiji-NZ-Sing.-SA-UAE** | ● **'Rishtey-Asia'** पर हर रोज़ सुबह 7-30 से 8 (हिन्दी में) UAE Time (9 to 9-30 am IST) |
| **USA-UK-Africa-Aus.** | ● **'આસ્થા'** પર સોમથી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯) |

## દાદાઈ જગકલ્યાણ મિશન - સત્સંગ હાઈલાઈટ્સ

**૧૪-૧૬ ઓક્ટોબર -** આ વખતે આફ્રિકા પ્રવાસ દરમ્યાન પૂજ્યશ્રીનો સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ માત્ર કેન્યામાં નૈરોબી ખાતે યોજાયો હતો. સત્સંગમાં ઘણા બધા જૂના મહાત્માઓ સાથે નવા મુમુક્ષુઓ પણ પોતાના રોજિંદા જીવનના પ્રશ્નોના સમાધાન માટે આવ્યા હતા. ૨૧૬ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. ત્યાર બાદ નૈવાસા ખાતે કેન્યા-ટાન્ઝાનિયા-યુગાન્ડા ત્રણેય દેશો ઉપરાંત ભારત, અમેરિકા, યુ.કે., જર્મની વગેરે દેશોના ૨૨૬ મહાત્માઓ માટે ત્રણ દિવસની શિબિર યોજાઇ હતી. શિબિરમાં ગુરુ-શિષ્ય પુસ્તક પર પારાયણ ઉપરાંત જનરલ પ્રશ્નોત્તરી સત્સંગ ઉપરાંત લાઈવ બેન્ડ સાથે ગરબા, દાદા દરબાર-દર્શન પણ યોજાયા હતા. શિબિર દરમ્યાન દિવાળી-નૂતન વર્ષ તથા નૈરોબી સેન્ટરના ૧૦ વર્ષ પૂર્ણ થયાની પૂજ્યશ્રીની નિશ્રામાં ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી.

**૧૯-૨૦ ઓક્ટોબર -** અડાલજ ત્રિમંદિર ખાતે દિવાળી પર્વની આનંદ-ઉલ્લાસ સાથે ઉજવણી થઇ હતી. મંદિર, પૂજ્ય નીરુમાની સમાધિ તેમજ 'વાત્સલ્ય'માં LED લાઈટો તેમજ દીવડાઓ દ્વારા રોશની કરવામાં આવી હતી. દિવાળીના દિવસે સવારે પૂજ્યશ્રીએ ચોપડા પૂજન માટે સ્પેશ્યલ વિધિ અને સાંજે પૂજ્યશ્રી તેમજ ડિમ્પલભાઇએ આફ્રિકા-દુબઇ સત્સંગ પ્રવાસના અનુભવો કહ્યા હતા. રાત્રે મંદિરમાં વિશેષ ભક્તિનો કાર્યક્રમ થયો હતો. સમગ્ર પોડિયમ, મંદિર સભાગૃહ તેમજ જાયજેન્ટિક હોલમાં બેસીને મહાત્માઓએ ભક્તિરસનો આનંદ માણ્યો હતો. નૂતન વર્ષની પ્રભાતે મંદિરમાં પૂજ્યશ્રીએ મહાત્માઓની હાજરીમાં સર્વે ભગવંતોના દર્શન કરી પરમ પૂજ્ય દાદાશ્રી તેમજ પૂજ્ય નીરુમાને અન્નકુટની વિવિધ વાનગીઓ પ્રસાદ રૂપે અર્પણ કરી હતી. ચોકલેટના પ્રસાદની પૂજ્યશ્રી દ્વારા વર્ષા થતા મહાત્માઓ ગેલમાં આવી ગયા હતા. ત્યારબાદ નૂતન વર્ષ નિમિત્તે વિશેષ સંદેશો પાઠવી સર્વ મહાત્માઓ માટે પૂજ્યશ્રીના દર્શનનો કાર્યક્રમ યોજાયો હતો, તે સવારથી સાંજ સુધી ચાલ્યો હતો. તે દરમ્યાન મહાત્માઓએ મોક્ષમાર્ગમાં ખૂટતી શક્તિઓ દાદા પાસે માંગી હતી અને વિધિ-ભક્તિ કર્યા હતા. ત્રિમંદિરમાં સવારે શ્રીકૃષ્ણ ભગવાન સમક્ષ વિવિધ વાનગીઓ અન્નકૂટ પ્રસાદ તરીકે રાખીને શણગારવામાં આવી હતી.

**૨૮-૩૦ ઓક્ટોબર -** ત્રણ વર્ષના ગાળા બાદ ગુજરાતની રાજધાની ગાંધીનગર ખાતે પૂજ્યશ્રીનો સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ યોજાયો. પૂજ્યશ્રીએ સત્સંગના પ્રારંભમાં જીવનમાં વણાયેલી જુદી જુદી વિરોધાભાસી માન્યતાઓ આ ટોપિક પર સુંદર છણાવટ કરી હતી, બાદમાં મહાત્મા-મુમુક્ષુઓના વિવિધ પ્રશ્નોના સમાધાન આપ્યા હતા. સ્થાનિક મહાત્માઓને લાભ મળે તે હેતુથી ઈન્દ્રોડા પાર્ક ખાતે પૂજ્યશ્રી સાથે મોર્નિંગ વોક તેમજ આંબેડકર હોલમાં સેવાર્થી સત્સંગનું પણ આયોજન થયું હતું. ૩૦૦ સેવાર્થીઓને પૂજ્યશ્રીના દર્શન અને સાથે ભોજનપ્રસાદનો લહાવો મળ્યો હતો. સેવાર્થી સત્સંગ વખતે ગાંધીનગર GNC સેન્ટરના બાળકોએ નૃત્ય દ્વારા પૂજ્યશ્રીનું સ્વાગત કર્યું હતું. જ્ઞાનવિધિમાં ૭૦૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું તેમજ ૪૦૦૦થી વધુ મહાત્માઓની હાજરી નોંધાઇ હતી. અંતિમ દિવસે આપ્તપુત્ર દ્વારા ફોલોઅપ સત્સંગમાં ઘણા નવા મહાત્માઓ હાજર રહ્યા હતા.

**૧-૮ નવેમ્બર -** રાજકોટ ખાતે આઠ દિવસનો પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૦મો જન્મજયંતી મહોત્સવ અતિ આનંદ-ઉમંગ સાથે ભવ્ય રીતે ઉજવાયો. પ્રથમ દિવસે ઉદ્દઘાટન સમારંભમાં સ્થાનિક કોર્ડીનેટર મહાત્માઓએ પૂજ્યશ્રીનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. થાનગઢથી પધારેલા કલાકારો પરંપરાગત નૃત્ય કરતા કરતા પૂજ્યશ્રીને પ્રાંગણમાં રાખેલ શ્રી સીમંધર સ્વામી, શ્રી કૃષ્ણ ભગવાન, શ્રી શિવ ભગવાનના દર્શન માટે લઇ ગયા હતા. ત્યારબાદ પૂજ્યશ્રીએ ભાઈઓ-બહેનોની સાઈડ બન્ને બાજુ સ્પેશિયલી તૈયાર કરેલ રેમ્પ પર ચાલીને ઉપસ્થિત સર્વે મહાત્મા-મુમુક્ષુઓને એમની નજીક જઇને દર્શન આપ્યા હતા. પ્રારંભમાં સ્ટેજ પર દીપ પ્રાગટ્ય પછી કાઠીયાવાડી નૃત્ય રજૂ કરાયું હતું, ત્યારબાદ ૧૪૦ GNCના બાળકો દ્વારા વિવિધ નૃત્યો દાદાઈ પદો પર પ્રસ્તુત કરાયા હતા. તેમજ બુદ્ધિ અને હૃદયની થીમ પર સુંદર નાટિકા ભજવી હતી. વિરામ બાદ પૂજ્યશ્રીનો એક કલાક માટે જન્મજયંતીના મહત્વ પર સત્સંગ થયો હતો. બીજા, ચોથા અને પાંચમા દિવસે પૂજ્યશ્રીના નોંધ, આત્મજ્ઞાની, ક્લેશ, આત્મપુરુષાર્થ ટોપિક પર તેમજ જનરલ પ્રશ્નોત્તરી સત્સંગ થયા હતા. મહોત્સવના

ત્રીજા દિવસે પરમ પૂજ્ય દાદાશ્રીની ૧૧૦મી જન્મજયંતી ઉજવાઈ. સવારે ૮ વાગે વિધિ, જન્મજયંતી સંદેશ પછી પૂજ્યશ્રીએ જગત કલ્યાણની ભાવના કરાવી હતી. પરમ પૂજ્ય દાદાશ્રી અને સર્વે ભગવંતોના પૂજન બાદ સ્વામી અને દાદાની આરતી-દીવા કરવામાં આવ્યા હતા. ત્યારબાદ GNCના બાળકો દ્વારા સરપ્રાઈઝ આઈટમ તરીકે JJ111નું ગીત ડાન્સ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું અને આવતા વર્ષે અડાલજ ત્રિમંદિર સંકુલ ખાતે ૧૧૧મી જન્મજયંતી ઊજવવાની જાહેરાત થઈ હતી. આ જાહેરાત દરમિયાન પૂજ્યશ્રીએ જણાવ્યું હતું કે આ જન્મજયંતી મહાત્માઓ માટે, મહાત્માઓ દ્વારા ઉજવાશે. પરિણામે બધા જ મહાત્માઓ એકબીજાને આમંત્રણ આપવા ઊભા થયા હતા. આ સમયે વાતાવરણ અલૌકિક થઈ ગયું હતું. બ્રેક બાદ પૂજ્યશ્રીના દર્શનનો કાર્યક્રમ સવાર, સાંજ તેમજ રાત્રે પણ ચાલ્યો હતો. જેનો ૧૬,૦૦૦ થી વધુ મહાત્માઓએ લાભ લીધો હતો. રાત્રે વિશેષ ભક્તિ કાર્યક્રમમાં પણ મહાત્માઓને ખૂબ આનંદ થયો હતો. પાંચમા દિવસે યોજાયેલ જ્ઞાનવિધિમાં ૬૦૦૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું, જે રાજકોટ ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા વખતે યોજાયેલ જ્ઞાનવિધિ પછીનો સૌથી ઊંચો આંક હતો. થીમપાર્કમાં આ વખતે નવી ત્રણ થીમ પર આધારિત શો રાખવામાં આવ્યા હતા. ૧) આ અબ લોટ ચલે, ૨) મોત કી ગુફા ૩) 'હું'. તદુપરાંત 'બન્યું એ જ ન્યાય' શો પણ હતો. બાળકો માટે ચિલ્ડ્રનપાર્કમાં ટોટલ એક્સપિરિયન્સ, આગ બબુલા, મેરીલેન્ડ કી અદ્ભૂત દુનિયા, પપેટ શો, એમ્ફી થિયેટર વિગેરે શો આકર્ષણનું કેન્દ્ર હતા. રાજકોટની સ્થાનિક પ્રજાએ સમગ્ર આયોજન તેમજ દરેક શોને દિલથી વખાણ્યા હતા. ૬૦ જેટલી સ્કૂલોના ૧૫૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ચિલ્ડ્રનપાર્કની મુલાકાત લીધી હતી. પાંચ દિવસની મહાત્મા શિબિર બાદ સ્થાનિક મુલાકાતીઓ માટે વધુ ત્રણ દિવસ થીમપાર્ક-ચિલ્ડ્રનપાર્ક ચાલુ રહ્યા હતા. મુલાકાતીઓનો ખૂબ જ ધસારો જોવા મળ્યો હતો, પરિણામે મહોત્સવ સ્થળ દરરોજ ખચાખચ ભરાઈ જતું હતું. ૩૦૦૦ જેટલા સેવાર્થીઓએ દિન-રાત ખડે પગે નિસ્વાર્થભાવે સેવા આપી હતી. આ મહોત્સવ કુલ સાડા બાર લાખ ચોરસ ફૂટ જગ્યામાં યોજાયો હતો, જેના માટે ૧૮ જેટલા ખેડૂતોએ પોતાની જમીન કોઈપણ અપેક્ષા વગર જગ કલ્યાણાર્થે ઉપયોગમાં લેવા આપી હતી.

**૭ નવેમ્બર -** ઘણાં વર્ષોથી જેના માટે ખૂબ રાહ જોવાઈ રહી હતી, તે જામનગર ત્રિમંદિરના નિર્માણની મંજૂરી મળ્યા બાદ ૭મી તારીખે પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં ત્રિમંદિરની ખાતમૂહુર્ત વિધિ યોજાઈ. પૂજ્યશ્રીએ સ્થળ પર સવારે ૧૦ વાગે પધારી સર્વ ભગવંતોના પૂજન પછી પાયામાં મૂકાનાર ઈંટોનું તેમજ મંદિર નિર્માણના પ્લાનનું પૂજન કર્યું હતું. ભૂમિપૂજન બાદ સ્થાનિક અગ્રણી મહાત્માઓ દ્વારા પૂજા કરેલ ઈંટો મૂકવામાં આવી હતી. પૂજ્યશ્રીએ ભૂમિમાં કોદાળી-પાવડા વડે ખોદાણ કરી અને સિમેન્ટ-રેતીનો માલ નાખી નિર્માણની શુભ શરૂઆત કરી હતી. ત્યારબાદ આ ત્રિમંદિર નિર્વિઘ્ને બંધાય તેમજ કષાય રહિત સેવા મહાત્માઓ દ્વારા થાય તે માટે પૂજ્યશ્રીએ પ્રાર્થના બોલાવી હતી. ડિમ્પલભાઈ અને પ્રશાંતભાઈએ અત્યાર સુધી જગ્યા માટે, મંદિરની મંજૂરી માટે જે મહેનત કરી તેની વાત કરી હતી. અંતમાં મહાત્માઓના લાભાર્થે પૂજ્યશ્રીએ સત્સંગ કર્યો હતો અને આરતી બાદ ભોજનપ્રસાદ લઈ મહાત્માઓ વિખરાયા હતા.

**૮-૧૦ નવેમ્બર -** સુરેન્દ્રનગરમાં પૂજ્યશ્રીનો ચાર વર્ષ બાદ સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ યોજાયો. પ્રથમ દિવસે સત્સંગ બાદ જ્ઞાનવિધિમાં ૧૧૦૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું તેમજ ૩૦૦૦ જેટલા મહાત્મા-મુમુક્ષુઓ હાજર હતા. ૨૦૦ સેવાર્થી-મહાત્માઓને પૂજ્યશ્રી સાથે મોર્નિંગ વોક, સેવાર્થી સત્સંગ તથા પૂજ્યશ્રીના દર્શનનો લાભ મળ્યો હતો. પૂજ્યશ્રી સુરેન્દ્રનગર ત્રિમંદિરે દર્શનાર્થે પણ પધાર્યા હતા. આપ્તપુત્ર દ્વારા ફોલોઅપ સત્સંગમાં મોટાભાગના નવા જ્ઞાન લીધેલા મહાત્માઓ જ્ઞાનની વધુ સમજણ માટે આવ્યા હતા.

---

**અડાલજ જ્ઞાનમંદિર (ગુરુકૂળ)માં ધોરણ ૬-૭-૮માં પ્રવેશ મેળવવા માટે**

જ્ઞાનમંદિરમાં રહીને પરમ પૂજ્ય દાદા ભગવાનના જ્ઞાન થકી પોતાના દીકરામાં સંસ્કાર-સિંચન થાય તેવું ઈચ્છતા માતા-પિતાએ પોતાના દીકરાના ઈન્ટરવ્યુ માટે જ્ઞાનમંદિર, સીમંધર સીટી (અડાલજ)માં તા. ૩૧ જાન્યુઆરી ૨૦૧૮ સુધીમાં ફોનથી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજિસ્ટ્રેશન ફક્ત ધોરણ ૬, ૭ અને ૮ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે જ થશે. વધુ માહિતી માટે નીચે જણાવેલ ફોન પર સંપર્ક કરવો.

**સમય :** સવારે ૧૦ થી ૧૨-૩૦ તથા બપોરે ૩ થી ૬-૩૦. **ફોન :** (૦૭૯) ૩૯૮૩૦૦૩૨, ૯૯૨૪૩૪૪૪૮૧

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### બોટાદ

**૭ ને ૯ ડિસેમ્બર** (ગુરુ અને શનિ) - રાત્રે ૮ થી ૧૧ - **આપ્તપુત્ર સત્સંગ**

**૮ ડિસેમ્બર** (શુક્ર) - સાંજે ૭-૩૦ થી ૧૧ - **જ્ઞાનવિધિ** **સંપર્ક :** ૯૭૨૩૬૯૯૯૧૨

**સ્થળ :** ત્રિવેણી ખોડીયાર મંદિરની પાસે, વિજય પેટ્રોલ પંપની પાસે, પાલિયાદ રોડ, બોટાદ (ગુજરાત).

### ભાવનગર

**૯ ને ૧૧ ડિસેમ્બર** (શનિ અને સોમ) - સાંજે ૭ થી ૧૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**૧૦ ડિસેમ્બર** (રવિ) - સાંજે ૬-૩૦ થી ૧૦ - **જ્ઞાનવિધિ** **સંપર્ક :** ૯૯૨૪૩૪૪૪૨૫

**સ્થળ :** જવાહર મેદાન, વાઘાવાડી રોડ, રિલાયન્સ મોલની સામે, ભાવનગર (ગુજરાત).

### રાજુલા

**૧૧ ને ૧૩ ડિસેમ્બર** (સોમ અને બુધ) - રાત્રે ૮ થી ૧૧ - **આપ્તપુત્ર સત્સંગ**

**૧૨ ડિસેમ્બર** (મંગળ) - સાંજે ૭-૩૦ થી ૧૧ - **જ્ઞાનવિધિ** **સંપર્ક :** ૮૧૪૦૦૬૫૧૧૧

**સ્થળ :** ક્રિષ્નાનગર સોસાયટી, ગાયત્રી મંદિર પાસે, રાજુલા, જિ. અમરેલી (ગુજરાત).

### સાવરકુંડલા

**૧૩ ને ૧૫ ડિસેમ્બર** (બુધ અને શુક્ર) - રાત્રે ૮-૩૦ થી ૧૧-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**૧૪ ડિસેમ્બર** (ગુરુ) - સાંજે ૭-૩૦ થી ૧૧ - **જ્ઞાનવિધિ** **સંપર્ક :** ૯૪૨૭૫૫૫૪૭૬

**સ્થળ :** ઓપન એર થિયેટર, જનતા બાગ પાસે, સાવરકુંડલા, જિ. અમરેલી (ગુજરાત).

## અડાલજ ત્રિમંદિરે સત્સંગ પારાયણ તથા મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા

**આપ્તવાણી શ્રેણી ૧૩(ઉતરાર્ધ) પેજ નં. ૧૩૧થી વાંચન તથા એ ટોપિક પર સત્સંગ-સામાયિક થશે.**

**૨૩ ડિસેમ્બર (શનિ) થી ૩૦ ડિસે. (શનિ)**, સવારે ૧૦ થી ૧૨-૩૦, સાંજે ૪-૩૦ થી ૭ - **સત્સંગ**

**૩૧ ડિસેમ્બર** (રવિ), સવારે ૧૦ થી ૧૨-૩૦ - **શ્રી સીમંધર સ્વામીની નાની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા**

**સૂચના :** (૧) પારાયણમાં ભાગ લેવા રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. (૨) જે મહાત્માઓ પાસે દાદા ભગવાન પરિવારનું પરમેનન્ટ આઈ-કાર્ડ છે, એમણે આઈ-કાર્ડ અવશ્ય સાથે લેતા આવવું. (૩) મહોત્સવમાં ભાઈઓ-બહેનો માટે અલગ-અલગ ઉતારાની વ્યવસ્થા હોઈ શકે, માટે પોતપોતાનો સામાન જુદો લાવવો.

## અડાલજ ત્રિમંદિરે પરમ પૂજ્ય દાદાશ્રીની ૩૦મી પુણ્યતિથિ નિમિત્તે વિશેષ કાર્યક્રમ

**૨ જાન્યુ. (મંગળ)** સવારે ૭-૧૫ થી ૯ - **કિર્તન ભક્તિ, વિધિ, પૂજન, આરતી**
**સાંજે ૫ થી ૭ - 'જ્ઞાની પુરુષ' ભાગ-૧ પુસ્તકના વિમોચન પ્રસંગે વિશેષ કાર્યક્રમ**
રાત્રે ૮-૩૦ થી ૧૦ - **વિશેષ દાદાઈ ભક્તિ**

**૬ જાન્યુઆરી** (શનિ) - સાંજે ૪ થી ૭ - **સત્સંગ** તથા **૭ જાન્યુઆરી** (રવિ) સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

### કડી

**૮ ને ૧૦ જાન્યુઆરી** (સોમ અને બુધ) - સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**૯ જાન્યુઆરી** (મંગળ) - સાંજે ૭ થી ૧૦-૩૦ - **જ્ઞાનવિધિ** **સંપર્ક :** ૯૭૭૩૧૪૫૦૩૧

**સ્થળ :** શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (અનાજ માર્કેટ યાર્ડનું મેદાન), કડી, જિ. મહેસાણા (ગુજરાત).

---

ત્રિમંદિરોના સંપર્ક : **અડાલજ:** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ:** ૯૯૨૪૩૪૫૫૮૮; **અંજાર:** ૯૯૨૪૩૪૬૬૨૨
ગોધરા: ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી:** ૯૯૨૪૩૪૧૧૮૮; **સુરેન્દ્રનગર:** ૯૭૩૭૦૪૮૩૨૨, **અમરેલી:** ૯૯૨૪૩૪૪૪૬૦; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭
**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ:** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **મુંબઈ:** ૯૩૨૩૫૨૮૯૦૧
**U.S.A.-Canada:** +1 877-505-DADA(3232); **U.K.:** +44 330-111-DADA(3232); **Australia :** +61 421127947

ડિસેમ્બર ૨૦૧૭
વર્ષ-૨૩, અંક-૪
સળંગ અંક-૨૬૮

# દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/23/2015
Valid up to 31-12-2017
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

## આત્મગુણોના ધ્યાને, થાય પોતે તે રૂપ

કોઈ જગ્યાએ મમતા કરવા જેવી નથી આ દુનિયામાં. હું કહું છું, આત્માને જાણો અને આત્મા જ તમારો છે, ને તમારે એના ગુણોની મમતા કરવાની છે. હું અનંત જ્ઞાનવાળો છું, હું અનંત દર્શનવાળો છું, હું અનંત શક્તિવાળો છું, હું અનંત સુખનો કંદ છું, અવ્યાબાધ છું, અમૂર્ત છું, સૂક્ષ્મ છું, અગુરુ-લઘુ છું, ટંકોત્કીર્ણ છું. કેટલા ગુણો છે એને ! આત્માના ગુણો જેટલા જાણ્યા તેટલાનું ધ્યાન કર્યું તો તેટલા પ્રાપ્ત થાય. અમે જ્ઞાન આપીએ છીએ, તે મન-વચન-કાયા તમને ક્યારેય યાદ ન આવે તેવી રીતે આપીએ છીએ. 'હું શુદ્ધાત્મા છું' તેની જોડે એનો એક-એક ગુણ ગાતા જશો તો ભયંકર (અદ્‌ભુત) પરિણામ આવશે. જેમ કે હું શુદ્ધાત્મા છું, અવ્યાબાધ છું, અનંત જ્ઞાન-દર્શન-ચારિત્રવાળો છું, અક્રિય છું, અડોલ છું, અમર છું. આત્મા રત્નચિંતામણિ છે, જેવો ચિંતવે તેવો થઈ જાય.

- દાદાશ્રી

માલિક-મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - શ્રી ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, બેઝમેન્ટ, પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.